eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 383
February 06, 2015



## પ્રેસ નોટ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના રમત ગમત સમિતિના કન્વીનર ડોઈવાનખેડેએ બાળપણએ સુરત રવિવાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત આયોજીત આઠમા આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવનો પ્રારંભ આજ રોજ અઠવાલાઇન્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજયના રમત ગમત શિક્ષણમંત્રી નાનુભાઇ વાનાણી ઉપસ્થિતિમાં કરાયો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આંતર કોર્પોરેશન બાલ રમતોત્સવ 2015

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત ના યજમાન પદે ના રોજ સાંજે 15-2-1 તારીખ ભ્નો આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવ દબદબા પૂર્ણ પ્રારં ટ ાકે રાજયકક્ષાના રમત ગમત અને શિક્ષણ મંત્રી માનનીય શ્રી , નાનુભાઈ વાનાણી ના વરદ હસ્તે બાળ રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ

સુરત શહેરમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના ૧૨૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સીટીલાઈટ રોડ, ખાતે તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ " અનન્ય સુરત" પ્રદર્શનનું ઉદ્દઘાટન મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા દ્વારા કરવામાં આવેલ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત)માં ૩૬.૦ મી. ટી.પી.રોડ પર આવેલ સર્વે નં.૯,બ્લોક નં.૮ માં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં. ૧ અને ૨ માં મિલ્કતદાર ચંદ્રકાંત હસમુખલાલ રાસીવાલા અને નરેન્દ્રકુમાર આર રાસીવાલા દ્વારા " શનીદેવ વિડીયો થીયેટર" ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝીરો સ્લમ તરફ મહાનગરપાલિકાનો એક વધુ પગલુ

સાઉથ ઝોન (ઉધના) પંચશીલનગરમાં ખાડી કિનારાના વિસ્તારમાં આવેલ આશરે ૨૦૦ જેટલા ઝુપડાઓના મેગા ડીમોલેશનની કામગીસીઉથ ઝોન (ઉધના) આવેલ ટી.પી. ૦૧ (ઉધના-મજુરા) ફા.પ્લોટનં ૮૧-૮૨ પૈકી ખાડી કિનારાની અસરમાં આવતા પંચશીલનગર-૦૨ ના આશરે ૨૦૦ ઝુપડાઓના ઝુપડાવાસીઓને સાઉથ ઝોન (ઉધના) કચેરી દ્વારા તા.૩૧-૦૧-૨૦૧૫ અને

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના સ્લમ વિસ્તારમાં વેરા વસુલાત ઝુંબેશમાં રૂા.૪૭,૦૦,૧૮૫/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા સ્લમ વિસ્તારમાં વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવાન બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવા બાબતે અત્રેના ઝોનના સ્લમ વિસ્તારમાં આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીઓ દ્વારા બાકી કરદાતાઓને વેરા ભરપાઈ કરવા બાબતે સમજણ આપવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ– ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૯, નોંધ નં.૧૧૭૯, ૧૧૮૦ બાલાજી રોડ, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૭/૦૨/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા, એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરાવવાનું ચુકી ગયેલ, તેવા લાભાર્થીઓને અંતિમ તક આપવાનું નકકી થતા તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ LIG-1 થી LIG-15 સ્કીમના લાભાર્થીઓને પોતાના પુરાવા તથા બે હપ્તાના ડ્રાફટ સાથે હાજર રહેવા જાણ કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

આજરોજ તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં સમાવિષ્ટ પાંડેસરા જી.આઇ.ડી.સી.ના વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ગેરકાયદેસર પાણીના ટેન્કરો રોકવા તેમજ દંડકીય કાર્યવાહી કરવા ઉધના ઝોન ઓફિસના સ્ટાફ દ્વારા રાઉન્ડ ધી કલોક ટીમ બનાવી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

શીયાળાની ઋતુ દરમ્યાન ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધવાની શકયતા હોય છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારની સ્મીમેર, મસ્કતિ ધર્માથ હોસ્પિટલ,નવી સીવીલ હોસ્પિટલ ઉપરાંત ૧૫થી વધુ ખાનગી હોસ્પિટલો જેવી કે સનસાઈન, એપલ, આયુષ, લાઈફલાઈન, માલવીયા, મહાવીર, નિર્મળ, નિષ્ઠા, પીપી સવાણી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) તરફથી ગેરકાનુની રીતે ધમધમતા વીડીયો થીયેટર સામે ઝુંબેશ શરૂ કરવામાં આવેલ જે અન્વયે આજરોજ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત) ૩૬.૦ મી. ટી.પી.રોડ પર આવેલ સર્વે નં.૯, ફા.પ્લોટ નં. ૯/બી માં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં. ૪,૫, અને ૬ માં મિલ્કતદાર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૩૪ ઘરનો સર્વે કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા, એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરાવવાનું ચુકી ગયેલ, તેવા લાભાર્થીઓને અંતિમ તક આપવાનું નકકી થતા તા.૦૩/૦૨/૨૦૧૫ ના રોજ LIG-16 થી LIG-30 સ્કીમના લાભાર્થીઓને પોતાના પુરાવા તથા બે હપ્તાના ડ્રાફટ સાથે હાજર રહેવા જાણ કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૦૪/૦૨/૧૫ બુધવાર ના રોજ (૧) મસ્કતિ હોસ્પિટલ રોડ થી હરીપુરા ગોળવાળા ચકલા થી કાંસકીવાડ ડેપો સુધી (૨) રાણીતળાવ ચારરરસ્તા થી કાંસકીવાડ ડેપો થઈ સૈયદપુરા પંપીંગ સ્ટેશન સુધી (૩) સૈયદપુરા થી હોડીબંગલા થઈ કતારગામ દરવાજા સુધી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૬૨ ઘરનો સર્વે કરવામાં આવેલ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૦૪.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૩૬ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૩૪ ફાઈલના રૂા.૬.૧૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૫ લોકેશન(ખાડા)૩૬૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૪૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૨૬.૦૧.૨૦૧૫ થી તા.૩૧.૦૧.૨૦૫ સુધીમાં સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૧૯૯ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૪૯૬ ફાઈલના રૂા.૬૭.૭૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૪૧ લોકેશન(ખાડા)૧૪૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૯૦.૦૧૦ મે.ટન ડામરનો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના તાબા હેઠળના વિસ્તાર કમેલા દરવાજાથી સાલાસર હનુમાન ગેટ થઈ મહાવીર માર્કેટ સુધીના કોમર્શીયલ / માર્કેટ વિસ્તારમાં આજરોજ તા.૪/૦૨/૧૫ ના રોજ ઝોનલ ચીફશ્રી જે.કે.શાહ ની સુચના અને માર્ગદર્શન હેઠળ ઉપરોકત વિસ્તારમાં માર્કેટોના માર્જીનના ભાગમાં બનેલ અનધિકૃત ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા, એફીડેવીટ તથા ડ્રાફ્ટ જમા કરાવવાનું ચુકી ગયેલ, તેવા લાભાર્થીઓને અંતિમ તક આપવાનું નકકી થતા તા.૦૪/૦૨/૨૦૧૫ ના રોજ EWS-1 થી EWS-7 સ્કીમના લાભાર્થીઓને પોતાના પુરાવા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

હાલમાં સ્વાઇનફલુ (ઇન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧) નાં કેસોમાં સતત વધારો થઇ રહયો છે. આ રોગને શહેરમાં ફેલાતો અટકાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવે છે તે હેતુસર સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઘર વિહોણા લોકો, રેનબસેરા, ફુટપાથ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## આંતર કોર્પોરેશન રમતોત્સવ 2015 – અહેવાલ

સુરતના આંગણે યોજાયેલ આઠમા આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવ નો આજે સમાપન સમારોહ હતો . આજના યાદગાર પળની સૌ બાળ રમતવીરો ઉત્કંઠાપુર્વક આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. આજે સૌ બાળ રમતવીરોને પ્રમાણપત્રો એનાયત થનાર હતા વ્યક્તિગત રમતોના વિજેતાઓનું મેડલ ( સુવર્ણ,સિલ્વર,બ્રોંઝ ) દ્વારા સન્માન થનાર હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## આંતર કોર્પોરેશન રમતોત્સવ 2015, સુરત – પ્રેસનોટ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિલ સુરતના યજમાન પદે છ મહાનગર પાલિકાઓની આંતર બાળ રમતોત્સવમાં સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ એ હેટ્રીક સર્જી પાંચમીવાર જનરલ ચેમ્પિયંશીપ હાંસલ કરી રમત ગમત ક્ષેત્રે સીમાંકન સિદ્ધી મેળવતા સર્વત્ર આનંદ અને હર્ષ અને ઉલ્લાસ જોવા મળ્યો હતો...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૦૫.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૩૪ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૩૮ ફાઈલના રૂા.૧૪.૪૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૨ લોકેશન(ખાડા)૮૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૪.૩૨૫ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૪૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૧૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ – ૨૦૧૫"

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ અને પત્રકારશ્રીઓ, ફોટોગ્રાફર–ચેનલની ટીમ તથા એસ.એમ.સી. રિર્પોટર મળી કુલ પાંચ ટીમો વચ્ચે "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫"નું આયોજન તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૧૦/૦૨/૨૦૧૫ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ક્રિકેટ મેદાન, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

સુરત મહાનગર પાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં ચાલતી ગેરકાયદેસર બાંધકામો વિરૂધ્ધની ઝુંબેશે આજે જોર પકડેલ હતું. લિંબાયત ઝોનમાં મંજુર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૪૦(લિંબાયત–ડીંડોલી)ના ફા.પ્લોટ નં. ૫૨ માં આવેલ રણછોડ નગરમાં થતા ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ આજરોજ પગલા લેવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર, પાલ, અડાજણ, જહાંગીરપુરા, વરીયાવ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી લાંબા સમયથી વેરો ભરપાઇ નહી કરનાર મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સેન્ટ્રલઝોન વિસ્તારમાં સાકારીત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદ્‌ઘાટનવિધિ નો કાર્યક્રમ તા.૦૬/૦૨/૨૦૧૫ના રોજ યોજાનાર છે. જેમા નવસારી બજાર મેઈન રોડ ખાતે મલ્ટીલેવલ પાર્કિંગની ખાતમુહૂર્તવિધિ,મસ્કતી હોસ્પીટલની સામેના મલ્ટીલેવલ પાર્કિંગની ઉદ્‌ઘાટનવિધિ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૩૧/૦૧/૧૫ થી તા.૦૬/૦૨/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ ઝોન(ઉધના) – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગ દ્વારા ખટોદરા વોર્ડ વિસ્તારની દિવ્યાનંદ સોસાયટીની સર્વિસગલીમાં ગંદકી બાબતે મળેલ ફરીયાદનાં અનુસંધાનમાં તા.૦૬/૦૨/૨૦૧૫ નાં રોજ સ્થળ તપાસ કરતાં સર્વિસગલીમાં પુષ્કળ ગંદકી જોવા મળેલ.સદર સોસાયટીનાં ઈન્ડસ્ટ્રીયલ યુનિટો દ્વારા પાછળના ભાગે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

સૂર્ય મંડળમાં સૂર્યથી પાંચમાં સ્થાને આવેલ ગુરૂ ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં આવશે, જેથી સૂર્યાસ્ત થતાની સાથેજ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાશે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૦૬.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૭૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૧૧૮ ફાઈલના રૂા.૧૭.૪૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૧ લોકેશન(ખાડા)૪૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૨.૦૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગોપીતળાવ રીડેવલોપમેન્ટ ના ભાગરૂપે રૂા. ૪.૪૧ કરોડ ખર્ચે મલ્ટીલેવલ પાર્કિંગનું ખાતમુહૂર્ત,મસ્કતિ હોસ્પીટલ પાસે રૂા.૩.૦૫ કરોડના ખર્ચે મલ્ટીલેવલપાર્કિંગનું ઉદ્‌ઘાટન,અસારાવાલા હોસ્પીટલ પાસે રૂા.૧૫ લાખના ખર્ચે આંગણવાડીનું ઉદ્‌ઘાટન,હોડીબંગલા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા.મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના ઈ.ડબલ્યુ.એસ. અને એલ.આઈ.જી. સ્કીમ અંતર્ગત જેઓની અરજી વેલીડ છે. પરંતુ ડ્રોમાં આવાસ ફળવાયેલ નથી, તેવા લાભાર્થીઓ કે જે આવાસ મેળવવા માટેના આગામી ડ્રોમાં જવા માંગતા હતા, તેવા ભધક સ્કીમના ૧૫૭ લાભાર્થીઓ પૈકી કુલ–૬૮ વિદ્યાર્થીઓ અને ીયન સક્રીમના ૭૮૨ લાભાથીઓ પૈકી કુલ– ૩૫૧ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

# પ્રેસ નોટ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના રમત ગમત સમિતિના કન્વીનર શ્રી સોનખેડેએ બાળપણએ સુરત : રવિવાર : નગર પ્રાથમિક શિક્ષણ. સમિતિ સુરત આયોજીત આઠમા આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવનો પ્રારંભ આજ રોજ અઠવાલાઇન્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજયના રમત




ગમત શિક્ષણમંત્રી નાનુભાઇ વાનાણી ઉપસ્થિતિમાં કરાયો હતોજેટલા 1160ચાર દિવસ ચાલનારા આ રમતોત્સવમાં છ મહાનગરના .
.બાળરમતવીરો તેમના કૌશલ્યો રજૂ કરશે

આ પ્રસંગે સુરત શહેરના પ્રથમ નાગરિક નિરજંન ઝાંઝમેરા,પ્રદેશ ભાજપના મહામંત્રી ભરતસિંહ પરમાર, સુરત મહાનગર સેવાસદનના
જુદી જુદી સમિતિના અધ્યક્ષશ્રીઓ સદસ્યો, શિક્ષકો, અને બાળરમતવીરો હાજર રહયા હતા ,

મહાનગરના બાળરમતવીરોની માર્ચ પાસ્ટ બાદ શરૂ થયેલા સમારોહમાં દીપ પ્રાગટ્ય મહાનુભાવોના હસ્તે થયા બાદ સ્વાગત વકતવ્યમાં
આપણા જીવનની અમૃતક્ષણ એવા સમયે આપણામાં રહેલા વિવિધ કૌશલ્યો બહાર લાવવ .ાનું કામ પ્રાથમિક શાળાઓ થકી થાય છેરમત ગમત.
.થકી શિસ્ત,સ્વાસ્થ્ય,અને ખેલદીલીના ગુણોનું સિંચન થાય છેસુરત મહાનગર પાલિકાના પદાધિકારીઓ અધિકારીઓ તમામ સુવિધાઓ પુરી પાડી
.પ્રોત્સાહન આપે છે જેના થકી અમને પ્રેરકબળ મળી રહે છે

શાસનાધિકારીશ્રી હિતેશભ ાસાહેબે જણાવ્યુ કે છ મહાનગરપાલિકાનાજેટલી રમતોમાં ભાગ લેશે. બાળકો ૧૫,જેટલા બાળરમતવીરો 1160 માટે જમવાની, રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરી આપી છે. રાજયસરકાર, સુરત મહાનગર પાલિકા અને શિક્ષણ સમિતિના ત્રિવેણી સંગમ થકી જે
ક્ષ,,પ્રવૃતિઓ થાય છે તેના પરિણામો મળી રહયા છેવિદ્યાર્થીઓ અનેવિદ્યાર્થીઓ રાષ્ટ્રીયકક્ષાએ પહોચયા છે ×શિક્ષકો રાજયકક્ષાએ અને 17

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી અતુલભાઇ જણાવયુ કે અમો સુરત સમિતિ યજમાન બનયા છે તેનો આનંદ છે :

આ પ્રસંગે રમત ગમતની માહિતી આપતુ સોવેનિયરનું વિમોચન મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યું હતુ મુખ્ય મહેમાન તરીકે પધારેલ
ગુજરાત રાજય પ્રદેશ ભાજપના મહામંત્રી ભરત સિંહ પરમારે જણાવ્યુ કે દેશ માટે મરવાની નહી પણ જીવવાની જરૂર છે આપણા બુધ્ધિ અને .
.બળનો વિકાસ દેશના ઉજ્જવળ ભાવિ માટે કરવામાં અનુરોધ કરયો હતો

અતિથિપદેથીસુરત શહેરના મેયરશ્રી નિંરજન ઝાંઝમેરા જણાવ્યુ કે બાળકોના સર્વાંગી વિકાસમાં સુરત કોર્પોરેશન હરહંમેશ પુરતું બજેટ
શિક્ષણ સમિતિને ફાળવે છે અને બાળકોની તમામ સુવિધાઓ પુરી પાડે છે

યુથ ફોર ગુજરાતના પ્રમુખશ્રીનું આ પ્રસંગે દાતા તરીકે સન્માન કર્યું હતું. સમારંભના અધ્યક્ષ માનનીય મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ
જણાવ્યુ કે રમત માં હાર થી ડરીને મેદાન છોડશો નહીંતમામ બાળ ખેલાડીઓ પોતાની જાત ને સમર્પિત કરી ખેલદિલી ભાવનાથી ખેલ કરશે .
.તેવી તમામ ને શુભેચ્છા પાઠવી હતી તથા માર્ચ પાસ્ટના વિજેતા સુરત સમિતિને અભિનંદન પાઠવ્યા હતા

અંતમાં આભાર વિધિ રમત ગમત સમિતિના સહકન્વીનર વિજયભાઇ પટેલે આટોપી હતી

## આંતર કોર્પોરેશન બાલ રમતોત્સવ 2015

## પોલીસ પરેડ ગ્રાઉંડ.સુરત ,અઠવાલાઇંસ , અહેવાલ- પ્રેસનોટ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત ના યજમાન પદે ભ મો આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવ દબદબા પૂર્ણ પ્રારં ટ
કલાકે રાજયકક્ષાના રમત ગમત અને શિક્ષણ મંત્રી માનનીય શ્રી , ના રોજ સાંજે 15-2-1 તારીખ નાનુભાઈ વાનાણી ના વરદ હસ્તે બાળ
રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો.

રવિવારે સા ના 2015 ફેબ્રુઆરી ક્ષ તારીખ઼જે મો આંતાર કોર્પોરેશન બાળ ટ કલાકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત ના આંગણે ,
રમતોત્સવ નો પ્રારંભ થયો. સર્વ પ્રથમ અમદાવાદ,ભાવનગર,જામનગર,રાજકોટ,વડોદરા,અને સુરતના બાળ ખેલાડીઓ અને શિક્ષક મિત્રોએ સુંદર
શિસ્તબધ્ધ રીતે માર્ચ પાસ રજૂ કરી હતી. ત્યાર બાદ મશાલ દોડ કરવામા આવી હતી સુરત શહેર ના માનનીય મેયરશ્રી ના વરદ હસ્તે .
રમતોત્સવ નુ ધ્વજા રોહણ કરવામાં આવ્યુ,ત્યાર બાદ રમત વીરોએ ખેલદિલી પુર્વક રમત રમવા માટેના શપથ લેવડાવ્યા. સમારોહ નો પ્રારંભ
મનુષ્ય ગૌરવ ગાન દ્વારા કરવામાં આવ્યુ. દીપ પ્રાગટ્ય વિધી ગુજરાતના રાજય કક્ષાનારમતગામત તેમજ શિક્ષણમંત્રીશ્રી નાનુભાઇ વાનાણી ના-
,હસ્તે કરવામાં આવ્યુ. આ પ્રસંગે આમંત્રીત મહેમાંશ્રીઓ, મહાનુભાવો, ધારાસભ્યશ્રીઓ, વિવિધ સમિતીના અધ્યક્ષશ્રીઓ અને સભ્યશ્રીઓ
નગરસેવકો, શાસનાધિકારીશ્રીઓ, નુ તથા કર્મચારીગણ તથા રમતવીરોનું ઉમળકાથી શ્રી ડો. ડી.એમ.વાનખેડે -કન્વીનરશ્રી)
રમતગમત,ન.પ્રા.શિ.સ.સુરત.) આવકાર અને સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યુ હતુ કે બાળપણ આપણા જીવનની અમૃત ક્ષણ છેઆ સમયમા
બાળકોમા રહેલી સુષુપ્ત શક્તીઓને વિકસાવવાની તક રહેલી છેઆ ખેલાડીઓ ભારતનું ઉજ્વળ ભાવી તથા અનમોલ રતન છે. સુરતને આંગણે .
બાળરમતોત્સવમાં પધારેલા મનવંતા મહેમાનોનું સ્મૃતીભેટપુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સન્માન કરવામા આવ્યું. સમારંભના ઉદઘાટકશ્રી માન ,
શ્રી નાનુભાઇ વનાણીનું સ્વાગત અને સન્માન શ્રી અતુલભાઇ પટેલ (અધ્યક્ષશ્રી-ન.પ્રા.શિ.સ.સુરત.) કર્યુ હતુ. સમારંભના મુખ્ય મહેમાન મેયર શ્રી
નિરંજનભાઇ ઝાંઝમેરા સાહેબનું સ્વાગત અને સન્માન શ્રી અંજના મનન લાલભાઇ કર્યું. ગુજરાત રાજ્યના(ઉપ.અધ્યક્ષશ્રી-ન.પ્રા.શિ.સ.સુરત.)
.ભાજપ ના મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર નું સ્વાગત અને સન્માન શ્રી ડો. ડી.એમ.વાનખેડે (કન્વીનરશ્રી-રમતગમત,ન.પ્રા.શિ.સ.સુરત) કર્યું
સુરતના શ્રી અતુલભાઇ પટેલ -અધ્યક્ષશ્રી-ન.પ્રા.શિ.સ.સુરત.) નુ સ્વાગત અને સન્માન શ્રી હિતેષભાઇ માખેચા (શાસનાધિકારીશ્રી)
ન.પ્રા.શિ.સ.સુરત.) કર્યું.તેમેજ મંચસ્થ તમામ મહાનુભાવોનું સ્વાગત અને સન્માન પુસ્તક, પુષ્પગુચ્છ તેમજ સ્વાગત અને સન્માન આપી કરવામાં
આવ્યું. યુથ ફોર ગુજરાતના પ્રમુખશ્રી તથા દાતાશ્રી જીગ્નેશભાઇ સીપાટીલ તરફથી તમામ ખેલાડીઓને પાણીની બોટલ વિનામુલ્યે આપવાની .
જાહેરાત કરી. સ્વાગત વિધી બાદ વેંતિયા ડાંસ ની અદભુત કૃતી બાળકો દ્વારા રજ કરવામાં આવી. ન.પ્રા.શિ.સ. સુરતના શાસનાધિકારી સાહેબશ્રી
હિતેષભાઇ દ્વારા અહેવાલ રજુ કર્યોવિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય બતાવશે. વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્ર, મેડલ ઘ, રમતવીરો ક્ષક્ષણડ જેમાં .
અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. તમામ ખેલાડીઓ માટે ચા-નાસ્તો, ભોજન અને રહેઠાણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સુરતના
મેયરશ્રી દ્વારા તમામ રમતવિરોને એક્વેરીયમ ની વિનામુલ્ય નિહાળવા માટેની વ્યવસ્થા પુરી પાડવામાં આવી સમગ્ર રમતોત્સવ દરમ્યાન .
.સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. સુમુલ ડેરી દ્વારા બાળ રમતવીરો માટે જોમ દુધ વિનામુલ્યે પુરી પાડવામાં આવ્યું
ત્યારબાદ જીમ્નાસ્ટીકની કૃતીઓનું પ્રદર્શન શ્રી શ્યામભાઇ દ્વારા કરવામાં આવ્યુખેલાડી મિતલબેન અને કેસરબેન નુ ઉત્સાહપુર્ણ રીતે જન્મદિનની .
ઉજવણી કરવામાં આવી. માન. શ્રી અતુલભાઇ પટેલ એ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ કે સૌ ખેલાડીમિત્રો ખેલદિલીપુર્વક રમત રમશે તેમજ
પોતાની પ્રતિભાને ખિલવશે. ખેલ ઓજસ સોવિનિયર નુ વિમોચન પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવ્યુસમારંભના મુખ્ય મહેમાન શ્રી ભરતસિંહ પરમાર .
ઉદબોધન કરતા જણાવ્યુ કે સુરતનું જમણ અને રમતની આપ મજા માણશો. આપ સૌ પ્રતિભા અને(મહામંત્રીશ્રી- ગુજરાત રાજ્ય ભાજપ)
કૌશલ્યને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ખિલવશો તેવી શુભેચ્છા પાઠવી અને સુંદર અયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા સમારંભના .
ઉદઘાટકશ્રી અને મંત્રીશ્રી માન. શ્રી નાનુભાઇ વનાણીએ જણાવ્યુ કે જીવનનું કોઇપણ ક્ષેત્ર હોય હાર-જીત તો થવાની જ છે. હાર નો ડર રાખ્યા
વગર સૌ રમશો. મનકી જીત સે જીત, મનકી હાર સે હારપરંતુ જીત ના જુસ્સા આથે આપ સૌ રમશો આપ જે કાર્યમાટે આવ્યા છો તેના પર .
-ધ્યાન કેન્દ્રીત કરશો તો દુનિયાની કોઇ તાકાત આપને હરાવી શકશે નહી. આમ સમગ્ર કાર્યક્રમનો ઉદઘાટન સમારંભ ખુબજ રંગે-ચંગે અને ઉત્સાહ
આનંદપુર્ણ વાતાવરણમાં પુર્ણ કરી આંતર કોર્પોરેશન રમતોત્સવ ને મહાનુભાવો દ્વારા કુગ્ગા છોડી તથા આતશબાજી દ્વારા ,પોલીસ પરેડ ગ્રાઉંડ)

અઠવાલાઇંસ, સુરત.)ખાતે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આભારવિધી શ્રી વિજયભાઇ પટેલ (સહ કન્વીનરશ્રી-રમતગમત,ન.પ્રા.શિ.સ.સુરત) દ્વારા .કરવામાં આવી **આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવ** 2015

## પ્રેસ નોટ



સુરત શહેરમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના ૧૨૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સીટીલાઈટ રોડ, ખાતે તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ " અનન્ય સુરત" પ્રદર્શનનું ઉદ્દઘાટન મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા દ્વારા કરવામાં આવેલ, પ્રદર્શનમાં મા.ડે.મેયરશ્રી, શાસક પક્ષ નેતાશ્રી, અન્ય સમિતિના ચેરમેનશ્રી, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા સુરત શહેરના નગરજનો હાજર રહયા હતા.

આ પ્રદર્શનમાં મ્યુઝિયમ દ્વારા છેલ્લા ૧૨૫ વર્ષ દરમ્યાન સુરતમાંથી આયાત–નિકાસ દરમ્યાન મળેલ તથા નગરજનો દ્વારા ભેટ સ્વરૂપે મળેલ વિવિધ કલાકૃતિઓ/ઓબ્જેકટ પૈકીની કેટલીક પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં સંગ્રહાલયના કલેકશનમાંથી આદિકાળ માનવ વસાહતથી લઈને ૧૮મી સદીના સુરત, પ્રાગ ઐતિહાસીક કાળના ૫૦,૦૦૦ વર્ષથી ૨,૫૦,૦૦૦ વર્ષ જુના પથ્થરના ઓજારો, ૧૭મી થી ૧૯મી સદીનું લાકડાની કોતરણીવાળું રાચરચીલુ, સુરતમાં ૧૮મીથી ૧૯મી સદીમાં ઉત્પાદિત થયેલ વિવિધ જરીકામના નમૂના, લેસ, વસ્ત્રો તથા છાપકામ માટેના લાકડાના બીબા પણ અત્રે નિહાળી શકાશે. સુરત બંદરે થતા વહાણવટાની પ્રતિકૃતિ, સુરતમાં આયાત અને નિકાસ થતી ચીજ વસ્તુઓ પણ અત્રે પ્રદર્શિત કરવામાં આવેલ છે.

વધુમાં સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલ જોખા અને ધાતવા ગામ ખાતેથી ઈ.સ.૧૯૬૭ દરમ્યાન એમ.એસ.યુનિવર્સીટીના પુરાતત્વ તથા પ્રાચીન ઈતિહાસ વિભાગ દ્વારા થયેલ ખોદકામથી ૫૦૦૦ વર્ષથી પણ જુના માટીના સાધનો, ઠીકરા, પથ્થરના ઓજારો મળી આવેલ છે, જેને તેઓ દ્વારા ખાસ આ પ્રદર્શન માટે પ્રદર્શિત કરવા માટે આપવામાં આવેલ છે.

સુરત શહેરના આ સર્વ પ્રથમ મ્યુઝિયમની સ્થાપના ૧લી ફેબ્રુઆરી ૧૮૯૦ ના રોજ મકકાઈ પુલના છેડે, તાપી નદીના કિનારે વિન્ચેસ્ટર મ્યુઝિયમ નામકરણ સાથે થઈ હતી. સમય જતા સંગ્રહનો વ્યાપ વધતા સુરત સુધરાઈ દ્વારા ૧૯૫૬માં સ્થળાંતરીત કરવામાં આવેલ હતુ, જેનું ઉદ્દઘાટન કેન્દ્ર સરકારના તત્કાલીન રેલ્વે મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીના વરદ હસ્તે કરવામાં આવેલ, જેની તકતી પણ પ્રદર્શિત કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ મ્યુઝિયમ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ તરીકે ઓળખ પામ્યુ. સદર મ્યુઝિયમમાં સીટી ગેલેરી પણ વિકસીત કરવામાં આવેલ હતી. તા. ૨૯ નવેમ્બર ૨૦૦૯માં સદર મ્યુઝિયમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટરમાં સ્થળાંતરીત કરવામાં આવ્યુ હતુ, જેનું ઉદ્દઘાટન તત્કાલીન મુખ્યપ્રધાન અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવેલ. સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના ૧૨૫ વર્ષ પૂણ થયા હોય, તેની ઉજવણીના ભાગ રૂપે આયોજિત "અનન્ય સુરત" પ્રદર્શનીમાં ૧૬મી સદીના આર્મેનિયન, બ્રિટિશ તથા ડચ કબ્રસ્તાનના ફોટોગ્રાફ, રંગોળી તથા શિલાલેખ પ્રદર્શિત કરેલ છે. તદઉપરાંત સુરતના છેલ્લા નવાબ અફઝલુદ્દીન ખાનનું સિંહાસન તેમજ ૧૦મી થી ૨૦મી સદીની વિવિધ પથ્થર તથા ધાતુઓમાંથી બનેલ વિવિધ ધર્મની પ્રતિમાઓ પણ અત્રે પ્રદર્શિત કરવામાં આવેલ છે. વધુમાં સુરતની ઓળખ સમાન ધાર્મિક સ્થાપત્યો, સામાજિક સ્થાપત્યો, ઐતિહાસિક સ્થાપત્યો, જેમાં ગોપી તળાવનાં રીસ્ટોરેશન પહેલા તથા પછીના ફોટોગ્રાફ સહિતની પેનલો તથા સુરતમાં હજી પણ અસ્તિત્વમાં રહેલ ૧૫૦ થી ૨૦૦ વર્ષ જુની લાકડાના નકશીકામવાળી ઈમારતોની પેનલો પણ પ્રદર્શિત છે.

સદર પ્રદર્શન જાહેર જનતા તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૨૦/૦૨/૨૦૧૫ દરમ્યાન વિના મૂલ્યે નિહાળી શકાશે. નગરજનોને આ પ્રદર્શનનો લાભ લેવા નમ્ર વિનંતી.

તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૨૦/૦૨/૨૦૧૫ દરમ્યાન નિહાળી શકાશે.

તા.૦૨ થી ૦૬, ૧૦ થી ૧૩, ૧૮ થી ૨૦ (સમય – ૦૯:૩૦ થી ૦૪:૩૦)

**તા.૦૭, ૦૮, ૧૪, ૧૫ અને ૧૭ (સમય – ૦૯:૩૦ થી ૦૬:૩૦)**

**તા.૦૯ અને ૧૬ નાં રોજ પ્રદર્શન બંધ રહેશે.**

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ  નં. ૩૯ (ઉધના–લિંબાયત)માં ૩૬.૦ મી. ટી.પી.રોડ પર આવેલ સર્વે નં.૯,બ્લોક નં.૮ માં આવેલ  મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં. ૧ અને ૨ માં મિલ્કતદાર ચંદ્રકાંત હસમુખલાલ રાસીવાલા અને નરેન્દ્રકુમાર આર રાસીવાલા દ્વારા '' શનીદેવ વિડીયો થીયેટર''  વર્ષોથી ગેરકાનુની રીતે ચલાવવામાં આવી રહયુ હતું.  સદર વિડીયો થીયેટર સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના તેમજ ઈમ્પેકટ ફી હેઠળ કે બી.યુ. પરમીશન મેળવ્યા વિના શરૂ કરવામાં આવેલ. જે આજરોજ તા.૨/૦૨/૧૫ ના રોજ  ઝોનના વડા  તથા શહેર વિકાસ વિભાગની ટીમ દ્વારા સ્થળ તપાસ દરમ્યાન જાણવા મળેલ છે. રહેણાંક તેમજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં '' શનીદેવ વિડીયો થીયેટર''  માં બિભત્સ અને અશ્લીલ ચલચિત્રો દર્શાવવામાં આવતા હતા. આવા પ્રકારના અસામાજીક ચલચિત્રો દર્શાવતી વિડીયો થીયેટરને તાકીદે સીલ મારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## ઝીરો સ્લમ તરફ મહાનગરપાલિકાનો એક વધુ પગલુ

સાઉથ ઝોન (ઉધના) પંચશીલનગરમાં ખાડી કિનારાના વિસ્તારમાં આવેલ આશરે ૨૦૦ જેટલા ઝુપડાઓના મેગા ડીમોલેશનની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) આવેલ ટી.પી. ૦૧ (ઉધના-મજુરા), ફા.પ્લોટનં ૮૧-૮૨ પૈકી ખાડી કિનારાની અસરમાં આવતા પંચશીલનગર-૦૨ ના આશરે ૨૦૦ ઝુપડાઓના ઝુપડાવાસીઓને સાઉથ ઝોન (ઉધના) કચેરી દ્વારા તા.૩૧-૦૧-૨૦૧૫ અને તા.૦૨-૦૨-૨૦૧૫ના રોજ વડોદ રે.સ.નં ૧૨ ખાતે ફાળવેલ આવસોમાં શીફટીગ કરી ઝુપડાઓને ડીમોલેશન કરવાની કામગીરી હાલ ચાલુ છે. સદર શીફટીંગ અને મેગા-ડીમોલેશન માટે અન્ય ઝોનના સ્ટાફની મદદ લેવામાં આવેલ છે.

આમ, સુરત મહાનગરપાલિકા ઝીરો સ્લમ તરફ આગળ વધી રહ્યુ છે.

## પ્રેસ નોટ

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના સ્લમ વિસ્તારમાં વેરા વસુલાત ઝુંબેશમાં રૂા.૪૭,૦૦,૧૮૫/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા સ્લમ વિસ્તારમાં વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવાન બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવા બાબતે અત્રેના ઝોનના સ્લમ વિસ્તારમાં આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીઓ દ્વારા બાકી કરદાતાઓને વેરા ભરપાઈ કરવા બાબતે સમજણ આપવામાં આવેલ અને વેરાબીલ નીકળ્યા બાદ લાગતા વ્યાજ,વોંરટ ફી, પેનલ્ટી બાબતે કરદાતાઓ સાથે સંવાદ કરી તેઓને વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૩૦/૦૧/૧૫ અને તા.૩૧/૦૧/૧૫ ના રોજ લિંબાયત ઝોનના રાજીવ ગાંધી નગર,સોનિયા નગર,જુના ડેપો,આશા નગર,ચિમની ટેકરા વિગેરે સ્લમ વિસ્તારમાં સઘન વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ આસી. કમિશનરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા બાકીદારો સાથે સમજાવટથી તથા કડકાઈ પૂર્વક ઉઘરાણી કરતા ઘણાં બાકીદારોએ સ્થળ પર જ વેરા ચુકવી દીધા હતા,તેમજ ઘણાં કરદાતઓએ લિંબાયત ઝોન તથા સીવિક સેન્ટરો પર આવી વેરો ભરેલ હતા. આમ બે જ દિવસમાં રૂા.૪૭,૦૦,૧૮૫/– ની વેરા વસુલાત થયેલ હતી.

વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવવા માટે હવેથી બાકીદારો સામે મિલ્કતો સીલ કરવાની તેમજ નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા જાણ કરવામાં આવે છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૯૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ,ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ.વિભાગ વિગેરમાંથી વેરા પેટે રૂા.૧૫,૧૦,૪૫૭/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૨,૫૧,૧૮૭/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૯ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૯,૨૭,૬૬૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૧,૮૬,૨૫૩/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ– ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૯, નોંધ નં.૧૧૭૯, ૧૧૮૦ બાલાજી રોડ, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૭/૦૨/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળે આશરે ૧૧૩૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, બીમ તથા ચણતરની પાર્ટીશન દિવાલો સહિતનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૦૨/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૭/૧, ૧૪૧૭/૨ ગુંબજવાળી મસ્જીદની પાછળ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૫/૦૬/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ છઠ્ઠા માળે આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તા.૦૨/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

**મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૨/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થની તથા કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓના વ્યકિતગત જશ્ન્ચ્ભ્દ્યભ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.**

**આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૧૦૪૨ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ કુલ–૪૭૨ નોટીસ પાઠવી, રૂા. ૭૭,૨૫૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૧૮૯.૯૫૦ કિ.ગ્રા. ખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવેલ છે.**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ** LIG **સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા, એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરાવવાનું ચુકી ગયેલ, તેવા લાભાર્થીઓને અંતિમ તક આપવાનું નકકી થતા તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ** LIG-1 **થી** LIG-15 **સ્કીમના લાભાર્થીઓને પોતાના પુરાવા તથા બે હપ્તાના ડ્રાફટ સાથે હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જેનો લાભ લઈ આજરોજ કુલ–૧૦૨ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા. જે પૈકી ૯૭ લાભાર્થીઓએ નાણાં જમા કરાવેલ છે જયારે ૫ લાભાર્થીએ પોતાનું આવાસ સરેન્ડર કરવાનું રહી ગયેલ હોય, તેવી રજુઆત કરી આવાસ સરેન્ડર કરાવેલ છે. તેમજ આજરોજ નાણાં ભરનાર ૯૭ લાભાર્થીઓ તરફથી સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૫ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે. આમ કુલ–૧૦ આવાસ પરત જમા થયેલ છે.**

**આવતીકાલે તા.૦૩/૦૨/૨૦૧૫ ના રોજ આખરી તકરૂપે** LIG-16 **થી** LIG-30 **સ્કીમના લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે.**

## -: પ્રેસ નોટ :-

આજરોજ તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં સમાવિષ્ટ પાંડેસરા જી.આઇ.ડી.સી.ના વિવિધ ઔધોગિક એકમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ગેરકાયદેસર પાણીના ટેન્કરો રોકવા તેમજ દંડકીય કાર્યવાહી કરવા ઉધના ઝોન ઓફિસના સ્ટાફ દ્વારા રાઉન્ડ ધી કલોક ટીમ બનાવી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી દરમિયાન કુલ : ૦૨ (બે) ઔધોગિક એકમો ટેન્કરો દ્વારા પાણી લેતા ઝડપાતા સુરત મહાનગરપાલિકા અને પાંડેસરા જી.આઇ.ડી.સી. વચ્ચે થયેલ એમ.ઓ.યુ. મુજબ દંડકીય કાર્યવાહી હાથ ધરી રૂા.૫૦૦૦/-ની વસુલાત કરવામાં આવેલ છે. સદર કાર્યવાહી બાદ પાંડેસરા જી.આઇ.ડી.સી. વિસ્તારમાં ટેન્કરો બંધ થયેલ છે. ઉપરોકત કાર્યવાહી આગામી દિવસોમાં પણ રાઉન્ડ ધી કલોક ચાલુ રાખવામાં આવનાર છે.

# પ્રેસ નોટ

શીયાળાની ઋતુ દરમ્યાન ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધવાની શકયતા હોય છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારની સ્મીમેર, મસ્કતિ ધર્માથ હોસ્પિટલ,નવી સીવીલ હોસ્પિટલ ઉપરાંત ૧૫થી વધુ ખાનગી હોસ્પિટલો જેવી કે સનસાઈન, એપલ, આયુષ, લાઈફલાઈન, માલવીયા, મહાવીર, નિર્મળ, નિષ્ઠા, પીપી સવાણી, મિશન, સંજીવની, યુનિક, બાપ્સ, રીષી, આરટીએસવી ડાયમંડ વિગેરેમાં પોઝીટીવ કેસો સારવાર હેઠળ છે. હાલમાં સુરત શહેરમાં સ્વાઈન ફલુનાં કુલ ૩૮ કેસો નોંધાયેલ છે. તેમાથી ૫ દર્દીનાં મૃત્યુ થયેલ છે અને ૧૨ વ્યકિતને રજા આપેલ છે. હાલમાં ૨૧ દર્દીઓ સારવાર હેઠળ છે

આ કેસો અન્વયે સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્ટ ટીમ દ્વારા કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા વ્યકિતમાંથી જેને શરદી, ખાંસી અને ગળામાં દુખાવાની ફરીયાદવાળાને ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે તેમજ રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવા આવે છે.આ પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ કુલ ૨૨૬ વ્યકિતને આપેલ છે જે પૈકી ૧૧૬ વ્યકિતની ૧૦ દિવસની ટ્રીટમેન્ટ પુરી થઈ ગયેલ છે, જયારે બાકીનાં ૧૧૦ વ્યકિતઓની ટ્રીટમેન્ટ ચાલુ છે.

વધુમાં આ કેસોનાં રહેઠાણ વિસ્તારમાં તાવ તેમજ તાવ સાથે બીજા લક્ષણો માટે કુલ ૧૭ કેસોનાં સર્વે દરમ્યાન ૪૨૭૮ ઘરોનો સર્વે કરાવ્યો છે. જેમા ૯૩૮૫ વસ્તીમાંથી ૪૨ તાવ અને ૩૧ શરદી ખાંસીનાં દર્દીઓને યોગ્ય સારવાર તેમજ જરૂરી આરોગ્ય શિક્ષણ પુરુ પાડવામાં આવ્યુ છે.

હાલમાં સુરત મહાનગરપાલિકાએ નાગરીકોને આરોગ્ય શિક્ષણ મળી રહે તે માટે જુદા–જુદા સ્થળે હોર્ડીગ્સ,લોકલ ટીવી ચેનલો પર બોટમ સ્ક્રોલ, વર્તમાન પત્રોમાં જાહેરાત, પ્રચારપત્રિકા, સ્ટીકર મારફતે આરોગ્ય શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે.

પ્રાઈવેટ તથા સરકારી / અર્ધસરકારી હોસ્પીટલ નીચે સ્વાઈન ફલુનાં દર્દી દાખલ કરવામાં આવે છે. તેમને રાખેલ આઈસોલેશન વોર્ડ અને તેમા ઉપલબ્ધ જરૂરી સુવિધાઓની તપાસ રીજીયોનલ ડે. ડાયરેકટર, જીલ્લા આરોગ્ય અધિકારી તથા આરોગ્ય અધિકારીની ટીમ ધ્વારા ચકાસણી કરવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાનાં તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોનાં મેડીકલ ઓફીસરો તથા હોસ્પીટલનાં આર.એમ.ઓ. ને આ રોગ સંબંધી ગાઈડલાઈન તેમજ સારવાર બાબતની માહિતી આપવામાં આવી છે તથા ઈન્ડીયન મેડીકલ એસોસીએશન તેમજ સુરત મહાનગરપાલિકા મારફતે એક સી.એમ.ઈ.ની મીટીંગ તા. ૨૮–૧–૧૫ નાં રોજ રાખી હતી. જેમાં ૧૬૦–૧૭૦ જેટલા પ્રતિષ્ઠીત મેડીકલ પ્રેકટીશનર હાજર રહયા હતા, તે પણ આ રોગ સંબંધી ગાઈડલાઈન તથા ટ્રીટમેન્ટ સંબંધી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ આ રોગ સંબંધી જે પ્રેકટીશનરને પ્રશ્નો હતા, તેનું નિરાકરણ કરવામાં આવ્યું હતુ.

હાલમાં સુરત મહાનરગપાલિકા નાગરીકોને રોગ અટકાયત અને નિયંત્રણ માટે નીચે જણાવ્યા પ્રમાણેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

- ઉધરસ કે છીંક આવે ત્યારે તમારૂ મોઢું અને નાક રૂમાલ કે કપડાંથી ઢાકો.
- નાક, આંખ કે મોઢાને અડકતાં પહેલાં અને પછી તમારા હાથ વારંવાર સાબૂથી ધૂઓ.
- તમને તાવ હોય અથવા ઉધરસ અને છીંક આવ્યા કરતી હોય તો ધણા લોકો એકઠા થાય એવીં ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહો.
- હસ્તધૂનનને બદલે " નમસ્કાર" ની મુદ્રાથી અભિવાદન કરો.
- તમને તાવ, ઉધરસ,ગળું ખરાબ,શ્વાસ લેવામાં તકલીફ જેવા કોઈ લક્ષણ વર્તાય તો ડોકટરની પાસે તપાસ કરાવો. સ્મીમેર હોસ્પીટલ /નવી સીવીલ હોસ્પિટલમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય તાકીદે સંપર્ક કરો.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) તરફથી ગેરકાનુની રીતે ધમધમતા વીડીયો થીયેટર સામે ઝુંબેશ શરૂ કરવામાં આવેલ જે અન્વયે આજરોજ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત) ૩૬.૦ મી. ટી.પી.રોડ પર આવેલ સર્વે નં.૯, ફા.પ્લોટ નં. ૯/બી માં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના સબપ્લોટ નં. ૪,૫, અને ૬ માં મિલ્કતદાર ભરતભાઈ યશંવતલાલ જરીવાલા દ્વારા '' કિષ્ણા વિડીયો થીયેટર'' વર્ષોથી ગેરકાનુની રીતે ચલાવવામાં આવી રહયુ હતું. સદર મિલ્કતના મિલ્કતદાર તરફથી ગૃડા–૨૦૧૧ અંતર્ગત અરજી કરવામાં આવેલ, જે નામંજુર થતા તેની સામે કાર્યવાહી કરવામાં આવેલ. જેથી તા.૩/૦૨/૧૫ ના આજરોજ શહેર વિકાસ દબાણ સ્ટાફ દ્વારા સ્થળ તપાસ દરમ્યાન જાણવા મળેલ રહેણાંક તેમજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં સ્થિત '' કિષ્ણા વિડીયો થીયેટર'', વિડીયો ફિલ્મ દર્શાવતી થીયેટરને તાકીદે સીલ મારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં ઝોન વિસ્તારમાં રોડ ડીવાઈડર ટ્રાફિક આઈલેન્ડ,ફુટપાથ ,સ્ટ્રીટલાઈટ પોલ વિગેરે જગ્યા પર પરવાનગી મેળવ્યા વગર બેનર,હોર્ડિંગ્સ,બોર્ડ વિગેરે લગાવવામાં આવેલ છે. તેવા બેનર,હોર્ડિંગ્સ,બોર્ડ ઉતરવાની ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે પરવટ,ગોડાદરા,ભાઠેના વિસ્તારમાં આઈમાતા ચોક–મોડેલ ટાઉન– ફાયરબ્રિગ્રેડ પર્વતપાટીયા,પર્વતગામ,ગોડાદરા હનુમાન મંદિર,ગોડાદરાગામ,ગોડાદરા પોલીસચોકી, ગોડાદરા ડબલ ફાટક, રામીપાર્ક,નીલગીરી સર્કલ,મીઠીખાડી કમેલા રોડ ભાઠેના વિસ્તાર માંથી કામગીરી કરવામાં આવેલ. જેના પરીણામે કુલ–૯૨ બોર્ડ,બેનર તેમજ હોર્ડિંગ્સ અત્રેના ઝોનના દબાણ ખાતાના સ્ટાફ દ્વારા દુર કરી કબ્જો લેવામાં આવેલ.

# નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૩૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, લાલ દરવાજા, પટેલવાડી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ,વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી વિગેરમાંથી વેરા પેટે રૂા.૧૪,૫૮,૦૨૫/–વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૪,૪૦,૧૪૨/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૮ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૧૦,૫૧,૬૨૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૨,૪૭,૩૭૫/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ જતાં વરાછા મુખ્ય રોડની બંને બાજુઓ પૈકી કાપોદ્રા ચાર રસ્તાથી આગળ મહારાણા પ્રતાપ ઉદ્યાન તથા સી.એન.જી. પંપની નજીકથી નાના વરાછા બ્રીજ સુધીની મિલકતોમાં આજ રોજ જે તે મિલકતદારો દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીન તથા પાર્કીંગ સ્પેશ કવર્ડ કરી તાણી બાંધેલ ગેરકાયદેસર બાંધકામો ફેબ્રીકેશન શેડ, ઓટલાઓ, દાદર, દિવાલો, કેબીનો તથા લારી–ગલ્લાઓ મુકી, બેનરો , ગ્રીલ વિગેરે તોડીને આશરે ૧૦૦ જેટલી મિલકતો/દુકાનો/ શોપીંગ સેન્ટર દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીનવાળા ભાગના દબાણો તોડીને આશરે ૨૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. આજ રોજ દુર કરવામાં આવેલ દબાણવાળી મિલકતોનું લીસ્ટ આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

| અ.નં. | મિલકતનું નામ | ખુલ્લો કરવામાં આવેલ એરિયા (ચો.ફુટ) |
|---|---|---|
| 1 | મઢુલી કાર મેળો | 16000.00 |
| 2 | જેરામ ફર્નીચર | 360.00 |
| 3 | ડીલક્ષ એપાર્ટમેન્ટ | 900.00 |
| 4 | ઈશ્વરકૃપા આગળની દુકાન | 450.00 |
| 5 | ઈશ્વરકૃપા સોસાયટી આગળ | 600.00 |
| 6 | આકાશગંગા એપાર્ટમેન્ટ | 120.00 |
| 7. | નાના વરાછા કો.ઓ. શોપીંગ | 810.00 |
| 8 | નવદુર્ગા કોમ્પલેક્ષ, નવદુર્ગા સોસાયટી | 120.00 |
| 9 | પશુપતિનાથ સોસાયટી | 200.00 |

ઉપરોકત કામગીરી દરમ્યાન સ્થળ પર વિરોધ સહ મહદ અંશે કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ. આવતી કાલે સરથાણા જકાત નાકાથી કામરેજ તરફની માર્જીનમાં દબાણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

આગામી દિવસોમાં તબકકાવાર પૂર્વ(વરાછા)ઝોનના અન્ય વિસ્તારોને પણ આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવશે.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ સિકયુરીટી સ્ટાફ ની મદદથી અત્રેના પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૫ થી તા.૦૧/૦૨/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૩,૫૪૦/–, વેસ્ટઝોન – રૂા.૨,૬૩૦/–, સાઉથઝોન – રૂા.૩,૪૮૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૨૨,૯૦૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૩,૬૦૦/–, નોર્થઝોન – રૂા.૨,૫૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૭,૮૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૫૬,૫૫૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળીયન સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા, એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરાવવાનું ચુકી ગયેલ, તેવા લાભાર્થીઓને અંતિમ તક આપવાનું નકકી થતા તા.૦૩/૦૨/૨૦૧૫ ના રોજીયનઢક્ષ્ણ થી ીયનઢઘડ સ્કીમના લાભાર્થીઓને પોતાના પુરાવા તથા બે હપ્તાના ડ્રાફટ સાથે હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જેનો લાભ લઈ આજરોજ કુલ–૫૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા. જે પૈકી ૫૪ લાભાર્થીઓએ નાણાં જમા કરાવેલ છે જયારે ૨ લાભાર્થીએ પોતાનું આવાસ સરેન્ડર કરવાનું રહી ગયેલ હોય, તેવી રજુઆત કરી આવાસ સરેન્ડર કરાવેલ છે. તેમજ આજરોજ નાણાં ભરનાર ૫૬ લાભાર્થીઓ તરફથી સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૨ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે. આમ કુલ–૪ આવાસ પરત જમા થયેલ છે.

આવતીકાલે તા.૦૪/૦૨/૨૦૧૫ ના રોજ આખરી તકરૂપે ભઘકઢક્ષ થી ભઘકઢજ્ઞ સ્કીમના લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે.

# પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૦૪/૦૨/૧૫ બુધવાર ના રોજ (૧) મસ્કતિ હોસ્પિટલ રોડ થી હરીપુરા ગોળવાળા ચકલા થી કાંસકીવાડ ડેપો સુધી (૨) રાણીતળાવ ચારરરસ્તા થી કાંસકીવાડ ડેપો થઈ સૈયદપુરા પંપીંગ સ્ટેશન સુધી (૩) સૈયદપુરા થી હોડીબંગલા થઈ કતારગામ દરવાજા સુધી (૪) આઈ.પી.મિશન સ્કુલ થી હોડીબંગલા સુધી તથા (૫) કિલ્લાનું મેદાનની આસપાસ અને ચોકબજાર ચારરસ્તા સુધી વિસ્તારમાં આરોગ્યલક્ષી અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

દબાણ ખાતા ધ્વારા બંધ લારી–૦૬, ખુલ્લી લારી–૦૩, કાઉન્ટર–૦૨, પાથરણા–૩૩, રૂા.૬,૨૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૧૩૧ સંસ્થાની તપાસ કરેલ, ૧૦ ઈસમો પાસેથી રૂા.૧,૧૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ ધ્વારા ૧૧.૮૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૬,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૫.૦૦૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૦૨ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૩.૦૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૧૦૨૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. રૂા. ૧૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૬૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૮૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ,વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ,વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી વિગેરમાંથી વેરા પેટે રૂા.૧૮,૪૨,૪૯૭/–વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૪,૧૩,૦૦૯/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૦૩ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૧૫,૦૪,૨૩૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૮૯,૪૯૪/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૩/૦૨/૨૦૧૫ નાં રોજ મા.કમિશ્નરશ્રીના તા.૦૨/૦૨/૨૦૧૫ના આદેશાનુસાર શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ સરકારી / અર્ધસરકારી સંસ્થાઓની આસપાસના વિસ્તારોની ઘનિષ્ઠ સફાઈ કરાવી દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

જે અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાંઆવેલ કુલ ૨૮૦ સરકારી / અર્ધસરકારી મિલકતોની આસપાસ સાફ–સફાઈ કામગીરી કરાવી, આ સ્થળોની આસપાસ દબાણ દુર કરતા ૦૧ કેબીન, ૮૮ લારીઓ, ૧૦૬ પાથરણાં, ૦૧ પોટલુ તથા ૫૪ અન્ય મળી કુલ ૨૫૦ દબાણો દુર કરી ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૩/૦૨/૨૦૧૫ નાં રોજ MCI દ્વારા માન્ય ડીગ્રી ન ધરાવતા હોઈ તેવા, મેડીકલ પ્રેકટીસ કરતા બિન ડીગ્રી ધારક ડૉકટર / ઈસમોની ચકાસણી તથા સુરત શહેરમાં આવેલ સરકારી / અર્ધસરકારી / ખાનગી / મહાનગરપાલિકા સંચાલિત તમામ અર્બન હેલ્થ સેન્ટરો, હોસ્પિટલો, દવાખાનાઓ, મેટરનીટી હોમ, પથોલોજી – લેબોરેટરી વિગેરેમાંથી જીપીસીબીના ગાઈડ લાઈન અનુસાર બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે કે કેમ તેની ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ.

જે અંતગર્ત સુરત મહાનગરપાલિકા સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરો, હોસ્પિટલ અને મેટરનીટી હોમ મળી કુલ ૪૬ તબીબી સંકુલો તથા ખાનગી દવાખાના, હોસ્પિટલ અને મેટરનીટી હોમ મળી કુલ ૮૬૪ તબીબી સંકુલો અને મહાનગરપાલિકા સંચાલિત / ખાનગી મળી કુલ ૧૪૫ પેથોલોજી લેબોરેટરીમાં ચેકીંગ દરમ્યાન જીપીસીબીના ગાઈડ લાઈન અનુસાર બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૦૪.૦૨.૨૦૧૫ નાં રોજ  સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૩૬ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૩૪ ફાઈલના રૂા.૬.૧૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૫ લોકેશન(ખાડા)૩૬૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૪૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન (ખાડા)  ૧૫૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન  ૨૧૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૨ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,તેમજ આઈ.સી.ના નાંણા પેટે રૂા.૨૮૩૪/– વસુલ લેવા આવેલ તથા કુલ –૦૮ પાણીના નવા કનેકશન આપવામાં આવેલ.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૩૧૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૧૬.૧૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧.૩૫ લાખ થયેલ છે.,૦૩  ભહ તથા ૦૬  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૦૧૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૬૫ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૨ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૯.૨૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૪૨ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૦૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૫૧૧૨૦૯  ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૪૬૫૩ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૧૯ કરવામાં આવેલ છે. જયારે ૩૩ નોટીસ આપવામાં આવેલ  છે. વહીવટી ખર્ચઃ રૂા.૪૦૦૦/– વસુલ  કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૨૬.૦૧.૨૦૧૫ થી તા.૩૧.૦૧.૨૦૫ સુધીમાં સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૧૯૯ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૪૯૬ ફાઈલના રૂા.૬૭.૭૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૪૧ લોકેશન(ખાડા)૧૪૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૯૦.૦૧૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૨૨ લોકેશન (ખાડા) ૬૯૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૫૨ લોકેશન ૧૫૫૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૩૦ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) ફા. પ્લોટ નં.૮૧–૮૨ ના પંચશીલનગર–૨ માં ૫૦૦ ચો.મી. માપ વિસ્તારમાં ૫૦ ઝુપડા દૂર કરવામાં આવેલ.તેમજ ટી.પી.૫૫(ભેસ્તાન) ફા. પ્લોટ નં. ૧૦ સાઈનાથનગર(પાંજરાપોળ) ૯૦ ચો.મી.માપ વિસ્તારમાં બાંધકામ દૂર કરવામાં આવેલ.તથા પ્રેમનગર ભેદવાડ ખાતે ૨૦૦ ચો.મી. માપ વિસ્તારમાં કાચા/પાકા મકાનો દૂર કરવામાં આવેલ છે.તેમજ ટી.પી.૫૯(ઉન) દરબારનગર સુ.મે.રોડ કાચા પાકા મકાનો દૂર કરવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૫૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૮૬૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૦૩.૮૯ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧૬.૧૦ લાખ થયેલ છે.,૬૫ ભહ તથા ૩૩ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૩૦૦૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૬ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૩૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૨૬૯૧ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૬૮૬ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૦૯૦.૬૮૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૪૯ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૫૨૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૫૧૮૯૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૧૪૬૭૬ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૨૨૬ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૧૯૩૫ કરવામાં આવેલ છે. જયારે ૧૨૩ નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચઃ રૂા.૬૯૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૪/૦૨/૨૦૧૫નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ તમામ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક તથા યુરીનલ બ્લોકની સ્વચ્છતા અંગેની કામગીરી વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષક મારફત ચેક કરી, એજન્સીના કર્મચારીઓ પાસેથી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની તળીયા ઝાટક સાફ–સફાઈની કામગીરી પણ સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

આ અભિયાન દરમ્યાન શહેરના સાત ઝોનનાં જુદા જુદા વિસ્તારોમાં આવેલ કુલ ૧૬૨ પે એન્ડ યુઝ ટોયલટ બ્લોક તથા યુરીનલ બ્લોક, કુલ ૧૦ જાહેર જાજરૂ / પેશાબદાની ની સ્વચ્છતા સંબંધિત કામગીરી ચેક કરી એજન્સીના સ્ટાફ મારફત ટોયલેટ યુરીનલ બ્લોકની સ્વચ્છતા અંગેની તળીયા ઝાટક સાફ–સફાઈ કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલ છે. આ અભિયાન દરમ્યાન પે એન્ડ યુઝ બ્લોકમાં ઉણપ / ખામી જણાયેલ સંસ્થાઓના માલિકોને કુલ ૩૭ નોટીસ આપવામાં આવેલ છે. સ્વચ્છતા વિરુધ્ધી પ્રવૃત્તિ આચરવા બદલ ૧૫ સંસ્થાઓને, કુલ રૂા.૨,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના તાબા હેઠળના વિસ્તાર કમેલા દરવાજાથી સાલાસર હનુમાન ગેટ થઈ મહાવીર માર્કેટ સુધીના કોમર્શીયલ / માર્કેટ વિસ્તારમાં આજરોજ તા.૪/૦૨/૧૫ ના રોજ ઝોનલ ચીફશ્રી જે.કે.શાહ ની સુચના અને માર્ગદર્શન હેઠળ ઉપરોકત વિસ્તારમાં માર્કેટોના માર્જીનના ભાગમાં બનેલ અનધિકૃત કાચા–પાકા બાંધકામો / દુકાનો / સ્ટોલ / પતરાના શેડ વિગેરે દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.જે કામગીરીમાં મુખ્યત્વે સુરત ટેક્ષટાઈલ માર્કેટના આગળના ભાગમાં " ઓડીટોરીયમ ટીકીટ બારી " નું પાટીયુ લગાડી બિનઅધિકૃત પાકા બાંધકામનો ભુકકો બોલાવી માર્જીન ખુલ્લુ કરવામાં આવેલ ત્યારબાદ જે.જે.એસી માર્કેટના માર્જીનમાં બનેલ બિનઅધિકૃત " કિષ્ણા ટેક્ષટાઈલ" નામે ઓળખાતી દુકાનના માર્જીનના ભાગમાં બનેલ પતરાનો શેડ દુર કરવામાં આવેલ.તેને અડીને આવેલ કિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટના આગળના ભાગમાં બનેલ પાકી કેબીનનું વર્ષો જુનુ બાંધકામ દુર કરવામાં આવેલ.સાલાસર હનુમાન ગેટથી મહાવીર માર્કેટ તરફ જતા અત્યંત ગીચ રસ્તાઓ ઉપર " અશોકા ટાવર" નામની મિલ્કતમાં આગળના માર્જીનમાં બનેલ પતરાનો ગેરકાયદેસર શેડ દુર કરવાની કામગીરી આ લખાય છે ત્યાં સુધી ચાલુ રહેવા પામેલ છે. અને સદર રસ્તાઓ ઉપર હોકિંગ ઝોનની આડમાં ઉભી રહેતી ૧૫ જેટલી લારીઓ જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીમાં ઝોનના ટેકનીકલ / દબાણ વિભાગનો તમામ સ્ટાફ,આરોગ્ય વિભાગનો સ્ટાફ અને ૦૫– નંગ ટ્રક,૦૨– નંગ જે.સી.બી. મશીન તથા ખાનગી એજન્સી અને દબાણ વિભાગની ટીમના આશરે ૪૦ થી વધુ બેલદારોએ સદર ડીમોલીશનમાં ભાગ લીધેલ છે. આશરે ૨૫૦૦ ચો.ફુટ જેટલી જગ્યા માંથી કાચા–પાકા બાંધકામો / પતરાના શેડ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.અને સ્થળ પર જ આ લખાય ત્યાં સુધી રૂા. ૫૫૦૦૦/– જેટલી માતબાર રકમનો દંડ વસુલવામાં આવેલ. જેના પરીણામે માર્જીનની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરી ભાડુ વસુલતા તત્વોની ગેરકાનુની પ્રવૃતિ પર અંકુશ આવશે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૩/૦૨/૨૦૧૫ નાં રોજ મા.કમિશ્નરશ્રીના તા.૦૨/૦૨/૨૦૧૫ના આદેશાનુસાર શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ સરકારી / અર્ધસરકારી સંસ્થાઓની આસપાસના વિસ્તારોની ઘનિષ્ઠ સફાઈ કરાવી દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારમાંથી કેબીન ૧, લારી–૧૪, પાથરણા–૨૫, વેસ્ટ ઝોન વિસ્તારમાંથી લારી–૧૫, સાઉથ ઝોન વિસ્તારમાંથી લારી–૪, પાથરણા–૧૩, લીંબાયત ઝોન વિસ્તારમાંથી લારી–૨૦, પાથરણા–૧૮, વરાછા ઝોન વિસ્તારમાંથી લારી–૯, પાથરણા–૫૦, પોટલા–૧, અન્ય સામાન–૨૨, અઠવા ઝોન વિસ્તારમાંથી લારી–૧, અન્યસામાન–૨૩, કતારગામ ઝોન વિસ્તારમાંથી લારી–૨૫, અન્ય સામાન–૯ નું દબાણ દુર કરવામાં આવેલ છે.

આમ તમામ ઝોન વિસ્તારમાં આવેલ કુલ ૨૮૦ સરકારી / અર્ધસરકારી મિલકતોની આસપાસ સાફ–સફાઈ કામગીરી કરાવી, આ સ્થળોની આસપાસ દબાણ દુર કરતા ૦૧ કેબીન, ૮૮ લારીઓ, ૧૦૬ પાથરણાં, ૦૧ પોટલુ તથા ૫૪ અન્ય મળી કુલ ૨૫૦ દબાણો દુર કરી ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા, એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરાવવાનું ચુકી ગયેલ, તેવા લાભાર્થીઓને અંતિમ તક આપવાનું નકકી થતા તા.૦૪/૦૨/૨૦૧૫ ના રોજ EWS-1 થી EWS-7 સ્કીમના લાભાર્થીઓને પોતાના પુરાવા તથા બે હપ્તાના ડ્રાફટ સાથે હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જેનો લાભ લઈ આજરોજ કુલ–૧૬૨ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા. જે પૈકી ૧૬૦ લાભાર્થીઓએ નાણાં જમા કરાવેલ છે જયારે ૩ લાભાર્થીએ પોતાનું આવાસ સરેન્ડર કરવાનું રહી ગયેલ હોય, તેવી રજુઆત કરી આવાસ સરેન્ડર કરાવેલ છે. તેમજ આજરોજ નાણાં ભરનાર ૧૬૦ લાભાર્થીઓ તરફથી સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૭ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે. આમ કુલ–૧૦ આવાસ પરત જમા થયેલ છે.

આ યોજના અંતર્ગત જેઓની અરજી વેલીડ છે પરંતુ ડ્રો માં આવાસ ફળવાયેલ નથી તેવા લાભાર્થીઓ કે જે પોતાની ડિપોઝીટ પરત મેળવવા માંગે છે તેઓએ પોતાની અસલ પહોંચ સાથે તા.૦૫/૦૨/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના પટાંગણમાં રૂબરૂ હાજર રહી નિયત નમુનામાં રીફંડ મેળવવાની અરજી કરવાની રહેશે.

## પ્રેસનોટ

**હાલમાં સ્વાઈનફ્લુ (ઈન્ફ્લુએન્ઝા–એ (એચ૧એન૧) નાં કેસોમાં સતત વધારો થઈ રહયો છે. આ રોગને શહેરમાં ફેલાતો અટકાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવે છે તે હેતુસર સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઘર વિહોણા લોકો, રેનબસેરા, ફુટપાથ, પડાવીયા, કન્સ્ટ્રકશન સાઈટ તથા બ્રીજ નીચે રાત્રી વસવાટ કરતા લોકો પાસે જઈ મેડીકલ ચેકઅપની કામગીરી હાથ ધરવામાં આવી હતી.**

**આ કામગીરી માટે દરેક ઝોનમાંથી એક મેડીકલ વાન જેમાં એક મેડીકલ ઓફીસર, ફાર્માસીસ્ટ અને નર્સનો સ્ટાફ રાખવામાં આવ્યો હતો. દરેક ઝોનમાં રાત્રે ૮ થી ૧ વાગ્યા સુધીમાં કામગીરી કરવામાં આવેલ હતી. જેની વિગત નીચે પ્રમાણે છે.**

| ઝોન | સાઇટની સંખ્યા | તપાસેલ વ્યકિત | તાવ | તાવ સાથે અન્ય લક્ષણો |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | 3 | 200 | 5 | 0 |
| ઈસ્ટ | 9 | 781 | 0 | 0 |
| વેસ્ટ | 10 | 128 | 0 | 3 |
| નોર્થ | 6 | 78 | 4 | 0 |
| સાઉથ | 11 | 160 | 12 | 0 |
| અઠવા | 8 | 942 | 2 | 12 |
| લીંબાયત | 3 | 95 | 25 | 12 |
| કુલ | 50 | 2384 | 48 | 27 |

**કામગીરી દરમ્યાન તાવ અને તાવ સાથે શરદી, ખાંસીના દર્દીઓની સ્થળ ઉપર સારવાર આપવામાં આવી છે તેમજ જે તે નજીક ના હેલ્થ સેન્ટરમાં સારવાર માટે સલાહ આપવામાં આવી હતી અને સ્વાઈન ફલુથી બચવા માટે શું કાળજી લેવી તેની સમજ આપવામાં આવી હતી.**

# આંતર કોર્પોરેશન રમતોત્સવ 2015– અહેવાલ

ન નો આજે સમાપન 2015પ્રા.શિ.સમિતિ સુરતના આંગણે યોજાયેલ આઠમા આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવ. સમારોહ હતો. આજના આ યાદગાર પળની સૌ બાળ રમતવીરો ઉત્કંઠાપુર્વક આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. આજે સૌ બાળ રમતવીરોને પ્રમાણપત્રો એનાયત થનાર હતા. વ્યક્તિગત રમતોના વિજેતાઓનું મેડલદ્વારા સન્માન થનાર હતું. આજની સુમધુર(સુવર્ણ,સિલ્વર,બ્રોંઝ ) .સવારે સૌ બાળ રમતવીરો, મહેમાનશ્રીઓ સમયસર કાર્યક્રમમાં ઉપસ્થિત થયા હતા

આજના સમાપન સમારોહ નો પ્રારંભમનુષ્ય ગૌરવ ગીત– મનુષ્ય તુ બડા મહાન હૈદ્વારા કરાવામાં આવ્યો ખુદીરામ બોઝ પ્ .રા શાળા. સુરતની કન્યાઓ દ્વારા સુંદર મજાની કૃતી રજૂ કરવામાં આવી હતી. આંગણે પધારેલા મહેમાનો અને રમતવીરોનું ડો. ડી.એમ.વાનખેડે સાહેબ દ્વારા શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાત દિવસ જોયા વગર મહેનત કરનાર સૌ શિક્ષક મિત્રોને બિરદાવ્યા હતા આજના કાર્યક્રમના માનવંતા મહેમાન શ્રી સી.આર.પાટીલ સાહેબ ( સાંસદશ્રી, નવસારી ) નું અંજના મનન લાલભાઇ એ સ્મૃતીચિહ્ન . .પુષ્પગુચ્છ, અને પુસ્તક દ્વારા સન્માન કર્યુ હતું

: સમગ્ર પરિણામની ઝલક આ પ્રમાણે રહી :

કબડ્ડી કુમાર અને કન્યા બન્ને રમતોમાં સુરત મહાનગર પાલિકાની ટીમો પ્રથમ ક્રમે રહી હતી તેમનું ભવ્ય સન્માન શ્રી સી.આર.પાટીલ . સાહેબ ( સાંસદશ્રી, નવસારી ) ના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રીસી.આર.પાટીલ સાહેબ એ આનંદ ઉદગાર વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે ખેલદિલી એ રમતનું ખુબ મહત્વનું પાસું છે .જીતનાર વિધ્યાર્થીઓને હું ખુબ ખુબ અભિનંદન પાઠવું છું હારનાર રમતવીરોએ નિરાશ થવાની . જરૂર નથી. અહીં સુધી રમત માટે આવી શક્યા એ આપણી સિધ્ધી છે. હજુ વધારે પ્રેક્ટીસ કરીને આવનાર રમતોત્સવમાં વિજેતા બની શકો. આ રમતવીરોને તાલીમ આપનાર સૌ શિક્ષક મિત્રોને પણ અબિનંદન પાઠવું છુ ન.પ્રા.શિ.સ. સુરત આયોજનમાં માસ્ટરી ધરાવે છે, સમિતિના તમામ . .સદસ્યશ્રીઓને પણ અભિનંદન પાઠવું છું

આજના કાર્યક્રમમાં ઉપસ્થિત માનનીય ધારાસભ્યશ્રી સંગિતાબેન પાટીલનું સ્વાગત શ્રી હિતેષભાઇ માખેચા તથા શ્રી અંજના મનન લાલભાઇ દ્વારા કરવામાં આવ્યું બાળ રમતવીરોને પાણી ની બોટલ આપનાર દાતાશ્રી જીગ્નેશભાઇ સી. પાટીલ નું વિશેષ સસ્માન શ્રી ગુલાબશંકર . યાદવ, ડો. ડી.એમ.વાનખેડે તથા હિતેષભાઇ માખેચા ના વરદહસ્તે કરવામાં આવ્યું. આજના સમારોહમાં ઉપસ્થિત શ્રી લલિતભાઇ વેકરિયા એ બાળ રમતવીરોને અભિનંદનપાઠવ્યા હતા .

આજના સમારોહ ના અંજના મનન લાલભાઇ એ જાણાવ્યુ કે રમતગમત અને રમતોત્સવ થી બાળકો એકબીજાની મિત્રતા કરે અને પ્રતિભા ખિલવવાનું પ્લેટફોર્મ પૂરૂ પાડે છે રમતોત્સવ ના કાર્યક્રમને સફળ બનાવવા જેમણે ભારે જહેમતઉઠાવી તે સૌને અભિનંદન . પાઠવ્યા હતા ઇનામ વિતરણ કાર્યક્રમ ભારે ઉત્સાહ સાથેપ્રારંભ કરવામા આવ્યો. વિવિધ રમતોમાં વિજેતા થયેલ પ્રથમ .લ દ્વિતિય અને તૃતિય ને અનુક્રમે ગોલ્ડલ સિલ્વર અને બ્રોંઝ મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા જામનગર ટીમ રનર્સ અપ રહી હતી.સુરત માટે ખુબ જ આનંદ અને . ગૌરવ નો અવસર હતો સુરતની સમગ્ર ટીમે આ વર્ષે જનરલ ચેમ્પિયનશિપ હાંસલ કરી હતી. સુરતે રમતક્ષેત્રે પોતાની સર્વોપરીતા સાબિત . કરી આ સાથે પાંચમી વખત જનરલ ચેમ્પિયનશિપ મેળવી હતી. આ વર્ષે સુરતની ટીમે હેટ્રીક પ્રાપ્ત કરી હતી. આ રીતે આનંદલ ઉત્સાહ અને સફળતા સાથે આંતર કોર્પોરેશન બાળ રમતોત્સવ સંપન્ન થયો હતો. બપોરનું સ્વાદિષ્ટ ભોજન નો આનંદ માણી પોતાના શહેર તરફ જવા ×ડક્ષ્પ .રવાના થયા હતા

## આંતર કોર્પોરેશન રમતોત્સવ 2015, સુરત. – પ્રેસનોટ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**,** સુરતના યજમાન પદે છ મહાનગર પાલિકાઓની આંતર બાળ રમતોત્સવમાં સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ એ હેટ્રીક સર્જી પાંચમીવાર જનરલ ચેમ્પિયંશીપ હાંસલ કરી રમત ગમત ક્ષેત્રે સીમાંકન સિદ્ધી મેળવતા સર્વત્ર આનંદ અને હર્ષ અને ઉલ્લાસ જોવા મળ્યો હતો. રનર્સ અપ તરીકે જામનગર મહાનગર પાલિકા રહ્યુ હતું.

યજમાન સુરતના આંગણે છ મહાનગર પાલિકાની શિક્ષણ સમિતિના 1160 જેટલા બાળ રમતવીરોએ તા. 01/02/2015 થી 04/02/2015 દરમિયાન 34 જેટલી ઇનડોર અને આઉટડોર રમતોમાં પોતાના કૌશલ્યો પ્રદર્શિત કરી રમતા ગમત ને જીવંત બનાવી દીધી હતી. બુધવારે સવારે અઠવા લાઇન્સ પોલીસ પરેડ ગ્રાઉંડ ખાતે યોજાયેલી પુર્ણાહુતી અને ઇનામ વિતરણ સમારોહ માનનીય સાંસદશ્રી સી.આર.પાટીલના અધ્યક્ષપદે યોજાયો હતો. ધારાસભ્ય શ્રીમતી સંગિતાબેન પાટીલ **,** માજી મેયર શ્રી રાજૂભાઇ દેસાઇ **,** ભાજપના પદધિકારીશ્રીઓ**,** નગરસેવકો**,** અધ્યક્ષશ્રીઓ**,** શાસકપક્ષ ના નેતાશ્રી કિશોરભાઇ બિંદલ તથા શાસનાધિકારીશ્રી ની હાજરીમાં મનુષ્ય ગૌરવ ગીતથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી.આવકાર અને સ્વાગતવિધી કરતા ડો. ડી.એમ.વાનખેડે સાહેબે આવકારતા જાણાવ્યુ હતું કે નર્મદ નગરી સુરતના આંગણે આઠમો આંતર બાળ રમતોત્સવ યોજી શહેરનેગુંજતું કર્યું. સુરતનું નામ ગુજરાતમાં રોશન કર્યુ છે તે એક યાદગાર ઘટના બની રહેશે. બાળ ખેલાડીઓએતેમના કૌશલ્યો બતાવી શાનદાર દેખાવ કરી બચપનની યાદો તાજી કરાવી.દાતાઓએ પણ આ રમતોત્સવમાં રસ લઇ સહયોગ આપ્યો છે. તેઓને પણ હું આવકારૂં છું. માનનીય ગુજરાત પ્રદેશ પ્રમુખનો શુભેચ્છા સંદેશ મહામંત્રી શ્રી લલિતભાઇ વેકરીયાએ વાંચી વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને રનર્સ અપ ટીમને વધુ મહેનત કરી ચેમ્પિયન બનવા આહ્વાન કર્યુ હતું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**,** સુરતના ઇ.ચાર્જ અધ્યક્ષા શ્રીમતી અંજના મનન લાલભાઇએ જણાવ્યું હતુ કે ચાર દિવસથી ચાલી આવતો રમતોત્સવ ખેલાડીઓનેરમત ગમતનું પ્લેટફોર્મ પુરૂ પાડે છે. અલગ અલગ મહાનગર પાલિકામાંથી આવતા બાળ રમત વીરોને એક બીજા સાથે મળવાનું અને દોસ્તી કરવાનો મોકો મળે છે. સવિશેષ વિકલાંગ બાળકોને પણ રમત ગમતમાં મોકો મળેલ છે. જેનો સવિશેષ આનંદ થાય છે. સમગ્ર રમતોત્સવ દરમિયાન તમામ સમિતિઓના કર્મચારી ગણ શિક્ષકોની કામગિરીને બિરદાવી હતી.

આ સમયે રાજકોટની બાળખેલાડી શાહ અમિના હિંદી ભાષામા6 કન્યાકેળવણી પર સુંદર વક્તવ્ય રજૂ કરી સામાજીક સંદેશો સમાજને આપ્યો હતો. રમતોત્સવના અધ્યક્ષશ્રી સાંસદશ્રી સી.આર.પાટીલે જણાવ્યુ6 કે આખા રાજ્યભરમાંથી આવેલા બાળકો પોતાની મહાનગર પાલિકાના શ્રેષ્ઠ ખેલાડીઓ છે**,** જે પોતાનું કૌશલ્ય રજૂ કરી સ્વાસ્થ અને સર્વાંગી વિકાસ કરી જીવનમાં ઉચ્ચ ધ્યેયો હાંસલ કરે અને ભારતનું ભાવિ ઉજળું કરવા આહ્વાન કર્યું હતુ. આ તબક્કે આ ખેલાડીઓને તૈયાર કરનાર ટીમ મેનેજરશ્રીઓને પોતાની કામગિરી માટે બિરદાવ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**,** સુરતે જનરલ ચેમ્પિયનશીપ મેળવી અને હેટ્રીક સાથે પાંચમીવાર ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી તે માટે સમિતિના અધ્યક્ષશ્રી તથા શાસનાધિકારી સહિત આખી ટીમને તેમની કામગિરી અને આયોજનની પ્રશંસા કરી હતી. અંતમા આભારવિધી રમત-ગમત કમિટીના સહકંવીવર શ્રી વિજયભાઇ પટેલે કરી હતી. અંતે રાષ્ટ્રગાન કરી સૌ છુટા પડ્યા હતા.

# પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૦૫.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૩૪ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૩૮ ફાઈલના રૂા.૧૪.૪૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૨ લોકેશન(ખાડા)૮૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૪.૩૨૫ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૧૨ લોકેશન (ખાડા) ૨૩૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૪૨૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૩ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,તેમજ આઈ.સી.ના નાંણા પેટે રૂા.૩૮૬/– વસુલ લેવા આવેલ તથા સુરત નવસારી મેઈન રોડ પર બી.આર.ટી.એસ.સર્વિસ રોડ પર સ્વામી નારાયણ મંદિરનું ફેન્સીંગ દૂર કરવામાં આવેલ છે.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૫ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૭૧ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૧.૧૭ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૩.૯૬ લાખ થયેલ છે.,૦૯ ભહ તથા ૦૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૭૦૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૪૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૬૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૨૯૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૪૭.૮૩ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૦ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૪૦૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૮૨૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૪૧૦૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૨૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૧૪ કરવામાં આવેલ છે. જયારે ૨૮ નોટીસ આપવામાં આવેલ છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૪૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૧૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,સીગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ.,ડભોલી સીગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, કોસાડ, વિગેરમાંથી વેરા પેટે રૂા.૨૩,૩૭,૧૨૦/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૫,૫૧,૯૪૧/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૮ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૧૫,૧૬,૯૪૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૩,૨૩,૨૬૨/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ :: – ''મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ – ૨૦૧૫''

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ અને પત્રકારશ્રીઓ, ફોટોગ્રાફર–ચેનલની ટીમ તથા એસ.એમ.સી. રિર્પોટર મળી કુલ પાંચ ટીમો વચ્ચે ''મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫''નું આયોજન તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૧૦/૦૨/૨૦૧૫ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ક્રિકેટ મેદાન, સુરત ખાતે કરવામાં આવેલ છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ તા.૦૯/૦૨/૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૮.૦૦ કલાકે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરિયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિરોધપક્ષના નેતાશ્રી ભૂપેન્દ્રભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં કરવામાં આવનાર છે.

સદર ટુર્નામેન્ટમાં દરરોજ બે મેચો રમાનાર છે. પ્રથમ મેચ સવારે ૮.૦૦ કલાકે અને દ્વિતીય મેચ બપોરે ૧૨.૦૦ કલાકે યોજાશે. ''મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫''નો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

**મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫નો કાર્યક્રમ**

| તારીખ | સવારે ૮.૦૦ કલાકે | બપોરે ૧૨.૦૦ કલાકે |
|---|---|---|
| ૦૯/૦૨/૨૦૧૫ | મેયર ટીમ<br>અળક<br>પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલ ટીમ | એસ.એમ.સી. રિર્પોટર્સ ટીમ<br>અળક<br>પત્રકાર સંઘ ટીમ |
| ૧૦/૦૨/૨૦૧૫ | કમિશનર ટીમ<br>અળક<br>તા.૦૯/૦૨/૨૦૧૫ના રોજની<br>બપોરની મેચની વિજેતા ટીમ | ફાયનલ મેચ<br>તા.૦૯/૦૨/૨૦૧૫ના રોજની<br>સવારની મેચની વિજેતાટીમ<br>અળક<br>તા.૧૦/૦૨/૨૦૧૫ના રોજની<br>સવારની મેચની વિજેતાટીમ |

ઉપરોકત ટુર્નામેન્ટમાં દરેક ટીમના ખેલાડીઓને પોતાની મેચ મુજબ સમયસર ઉપસ્થિત રહેવા અને નિમંત્રિતોને આ ટુર્નામેન્ટ માણવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

## –: પ્રેસ નોટ:–

સુરત મહાનગર પાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં ચાલતી ગેરકાયદેસર બાંધકામો વિરૂધ્ધની ઝુંબેશે આજે જોર પકડેલ હતું. લિંબાયત ઝોનમાં મંજુર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૪૦(લિંબાયત–ડીંડોલી)ના ફા.પ્લોટ નં. ૫૨ માં આવેલ રણછોડ નગરમાં થતા ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ આજરોજ પગલા લેવામાં આવેલ.

લિંબાયત ઝોનમાં ડબલ ફાટક પાસે મંજુર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૪૦(લિંબાયત –ડીંડોલી)ના ફા.પ્લોટ – ૫૨ માં રણછોડ નગર સોસાયટીમાં પ્લોટ નં. ૩૫ અને ૩૬ના કબજેદારો/મિલકતદારો દ્વારા ગ્રાઉન્ડ +બે માળની એપાર્ટમેન્ટ ટાઈપ ખોલીઓમાં પાડેલી મિલકતની ઉપર ત્રીજો માળ લેવાનું ચાલુ કરવામાં આવેલ. લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા સદર બાંધકામને વારંવાર અટકાવવામાં આવેલ. મિલકતદારોને ઝોન કચેરી દ્વારા કડક ચેતવણી આપવામાં આવેલી તેમ છતાં મિલકતદારો દ્વારા ચેતવણી અવગણીને સ્થળ પર ધરાર બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હતું. આખરે આજરોજ તા. ૦૫/૦૧/૨૦૧૫ના દિને લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા ઝોનના, દબાણ વિભાગ ખાનગી કોન્ટ્રાકટરના માણસો સહિત બાંધકામના સ્થળે ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

સદર કાર્યવાહી દરમિયાન ત્રીજા માળના આર.સી.સી. સ્લેબ, ચણતરની દિવાલ સહિતનું બાંધકામ ડીમોલેશન કરવામાં આવેલ હતું. આમ, ડીમોલેશનની કાર્યવાહી દરમિયાન આશરે ૮૦૦ સ્કવેર ફુટ જેટલું આર.સી.સી. સ્લેબ અને ૫૦૦ સ્કવેર ફુટ જેટલું ચણતર કામનું ડીમોલીશન કરવામાં આવેલ હતું. તમામ કાર્યવાહી અન્વયે મિલકતદાર પાસેથી ₹ ૫૦,૦૦૦/– નો દંડ ફટકારી વસૂલવામાં આવેલ હતો.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૫/૦૨/૨૦૧૫નાં રોજ શહેરી વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ વિસ્તારોમાં કામગીરી કરતાં કર્મચારીઓ / કામદારો માટે જે–તે સંસ્થામાં ટોઈલેટની સુવિદ્યા છે કે કેમ? તે અંગેની ચકાસણી કરી, આવી સુવિદ્યા ન ધરાવતી સંસ્થાઓને નોટીસ પાઠવી વહીવટી ચાર્જ વસુલવાની કામગીરી કરાવવામાં આવેલ, જેની વિગત નીચે જણાવ્યાનુસાર છે.

આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ કુલ ૨૫૮૦ ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ સંસ્થાઓ ચેક કરવામાં આવી, જે દરમ્યાન સ્વચ્છતા વિરુધ્ધ પ્રવૃત્તિ આચરતી સંસ્થા / ઈસમોને ૬૪૮ નોટીસો પાઠવી, કુલ રૂા.૧૭,૦૦૦ /– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

## પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ જતાં વરાછા મુખ્ય રોડની બંને બાજુઓ પૈકી કાપોદ્રા ચાર રસ્તાથી આગળ મહારાણા પ્રતાપ ઉદ્યાન તથા સી.એન.જી. પંપની નજીકથી નાના વરાછા બ્રીજ સુધીની મિલકતોમાં તા. ૦૪/૦૨/૨૦૧૪ ના રોજ જે તે મિલકતદારો દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીન તથા પાર્કીગ સ્પેશ કવર્ડ કરી તાણી બાંધેલ ગેરકાયદેસર બાંધકામો ફેબ્રીકેશન શેડ, ઓટલાઓ, દાદર, દિવાલો, કેબીનો તથા લારી–ગલ્લાઓ મુકી, બેનરો, ગ્રીલ વિગેરે તોડીને આશરે ૫૦ જેટલી મિલકતો/દુકાનો/ શોપીંગ સેન્ટર દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીનવાળા ભાગના દબાણો તોડીને આશરે ૧૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. આજ રોજ દુર કરવામાં આવેલ દબાણવાળી મિલકતોનું લીસ્ટ આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

| અ.નં. | મિલકતનું નામ | ખુલ્લો કરવામાં આવેલ એરિયા (ચો.ફુટ) |
|---|---|---|
| 1 | આદર્શ ફરસાણ માર્ટ (પતરાનો શેડ) | 240.00 |
| 2 | સંતોષી સોસાયટીના ગેટની બાજુમાં (ઓટલો, દાદર) | 160.00 |
| 3 | ભુવનેશ્વર ફરસાણ (ઓટલો) | 650.00 |
| 4 | સ્લમ વિસ્તારની દિવાલની બાજુની બે દુકાન | 190.00 |
| 5 | રાજારામ નગર હળપતિવાસ પાસે (ઓટલો) | 140.00 |
| 6 | ક્રિષ્ના રો હાઉસના ગેટ પાસે (ઓટલો) | 150.00 |
| 7. | કિસ્મત ફર્નીચર (ઓટલા) | 80.00 |
| 8 | પાર્વતીનગર ગેટનો રેમ્પ (રેમ્પ) | 80.00 |
| 9 | મનસુખ નગર (ઓટલા) | 80.00 |
| 10 | ભગુરાજ સોસા.(ઓટલા) | 480.00 |
| 11 | ખોડીયાર, ચામુડા, બાલાજી ડીસ્પેન્સરી (ઓટલા) | 360.00 |
| 12 | સીમાડા, નટવરનગર પ્લોટની દુકાન(દાદર) | 300.00 |
| 13 | નવજીવન શોપીંગ સેન્ટર (ઓટલા) | 500.00 |

ઉપરાંત ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં. ૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના રહેવાસીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ અત્રેથી ફાળવેલ રેસીડેન્સીયલ હેતુ માટેના પ્લોટો પર હેતુફેર કરી દુકાનો બનાવી તેમાં મચ્છી, ઈંડા, મટન તથા અન્ય ખાદ્યપ્રદાર્થોનું વેચાણ બિનઅધિકૃત રીતે કરતાં હોય, જેને કારણે આ વિસ્તારમાં પુષ્કળ ગંદકીની સાથે ન્યુસન્સ ઉભુ થયેલ, વર્ષોથી આ ન્યુસન્સને દુર કરવા/ બંધ કરવા અત્રેના પૂર્વ(વરાછા) ઝોનના કર્મચારીઓ કરતાં રહેતા હોય, જેના ભાગરૂપે અગાઉ પણ વિશેષ ઝુંબેશ ઉપાડી આરોગ્ય તથા ઈજનેરી વિભાગના કર્મચારીઓ દ્વારા

સદર જગ્યાએ આવી હેતુફેર વાળી મિલકતોમાં સુરૂચિભંગ તથા આરોગ્યને નુકશાનકર્તા ધંધાકીય યુનીટો/દુકાનો પૈકી કુલ ૧૮ યુનીટોને સીલ મારવામાં આવેલ. ત્યારબાદ પણ સદર સ્થળે આવી છુટી છવાઈ સુરૂચિભંગ ધંધાકીય પ્રવૃતિ ચાલતી હોવાનું અત્રેના ધ્યાને આવતાં તા. ૦૪/૦૨/૨૦૧૫ ના રોજ અત્રેથી ઈજનેરી સ્ટાફ દ્વારા સ્થળ પરથી દબાણો દુર કરી ૫૦૦ કિ. ગ્રા. મટન વિગેરે જપ્ત કરવામાં આવેલ.

તા.૦૫/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ ડિમોલીશન/દબાણની કાર્યવાહી

(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૫૫ માં આવેલ શ્રી બંગ્લોઝના સબ પ્લોટ નં. ૨૬,૨૭ તથા ૨૮ ના મિલકતદારો દ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ રીઅર માર્જીનવાળા ભાગમાં આશરે ૪૫' × ૧૦' ના માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળનું બાંધકામ શરૂ કરેલ. જે મંજુર પ્લાન કરતાં વિરૂધ્ધનં આશરે ૪૫૦.૦૦ ચો.ફુટ નું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. મિલકતદારો પાસેથી ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૮(મોટા વરાછા) માં લજામણી ચોક થી ક્રિષ્ના ટાઉનશીપ તરફ જતાં ૧૮.૦૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તા પર ફેબ્રીકેશનવાળા, ફ્રુટવાળા વિગેરેનું દબાણ હતું જે અન્વયે આજ રોજ ટી.પી. રસ્તા પરથી ફેબ્રીકેશનને લગતો સામાન, લારી કાઉન્ટર, હોર્ડીંગ વિગેરે દુર કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર, પાલ, અડાજણ, જહાંગીરપુરા, વરીયાવ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી લાંબા સમયથી વેરો ભરપાઈ નહી કરનાર મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત કાર્યવાહી હાથ ધરતા ૫૯ મિલકતોના મિલકતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂા.૬.૫૦ લાખ જેટલી રકમની વસુલાત થયેલ છે. જયારે ૧૨ જેટલી મિલ્કતોને સીલ કરેલ છે.

સદર ઝૂંબેશ ધ્યાને આવતાં રાંદેર ઝોન ખાતે છેલ્લાં બે દિવસ દરમ્યાન કુલ રૂા.૧૫.૩૯ લાખ જેટલી મિલ્કત વેરાની વસુલાત થયેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સેન્ટ્રલઝોન વિસ્તારમાં સાકારીત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદ્ઘાટનવિધિ નો કાર્યક્રમ તા.૦૬/૦૨/૨૦૧૫ના રોજ યોજાનાર છે. જેમા  નવસારી બજાર મેઈન રોડ ખાતે મલ્ટીલેવલ પાર્કિંગની ખાતમુહૂર્તવિધિ,મસ્કતી હોસ્પીટલની સામેના મલ્ટીલેવલ પાર્કિંગની ઉદ્ઘાટનવિધિ, અસારાવાલા હેલ્થ સેન્ટર પાસેની તથા હોડીબંગલા પાસેની આંગણવાડીની ઉદ્ઘાટનવિધિ આંગણવાડીની ઉદ્ઘાટનવિધિ ,ઐતિહાસિક કિલ્લો અને તેને સંલગ્ન મિલ્કતોને ''હેરીટેજ સ્કવેર''તરીકે વિકસાવવાના ભાગરૂપે ઐતિહાસિક કિલ્લાનું સાયન્ટીફીક કલીનીંગ,રેસ્ટોરેશનની કામગીરીનો શુભારંભ  માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષપદે તથા જાહેર બાંધકામ સમિતિના માન.અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયા અને આરોગ્ય સમિતિ ના માન.અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા ના વરદ્હસ્તે સમય સવારે ૯:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.જેમાં શહેરીજનોને ઉપસ્થતિ રહેવા નિમંત્રણ છે.

# પ્રેસનોટ

**મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૩૧/૦૧/૧૫ થી તા.૦૬/૦૨/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.**

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૪૮૮ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૯ |
| ૫ | માયનોર ઓપરેશન | ૦૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૭ |

## સાઉથ ઝોન(ઉધના) – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગ દ્વારા ખટોદરા વોર્ડ વિસ્તારની દિવ્યાનંદ સોસાયટીની સર્વિસગલીમાં ગંદકી બાબતે મળેલ ફરીયાદનાં અનુસંધાનમાં તા.૦૬/૦૨/૨૦૧૫ નાં રોજ સ્થળ તપાસ કરતાં સર્વિસગલીમાં પુષ્કળ ગંદકી જોવા મળેલ.સદર સોસાયટીનાં ઈન્ડસ્ટ્રીયલ યુનિટો દ્વારા પાછળના ભાગે સર્વિસગલીમાં કાપડ,ચીંદી,વેસ્ટ નાંખી ન્યુસન્સ કરતા કુલ–૨૧ ઈસમો પાસેથી સ્થળ પર રૂ.૪૧,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.અને ગંદકી ન કરવા ચેતવણી આપવામાં આવેલ છે.તેમજ સદર સોસાયટીના કુલ–૧૮ ઈન્ડસ્ટ્રીયલ યુનિટોમાં કામ કરતા તેમના કારીગરો માટે યુનિટમાં ટોયલેટ બ્લોકની સુવિધા ઉપલબ્ધ ન હોવા બાબતે નોટીસો આપવામાં આવેલ છે.અને સદર સ્થળે આરોગ્ય વિભાગની ૨ (બે) ટીમો તેમજ ૨ (બે) ટ્રેક્ટર મુકી સફાઈ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૪ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,લાલ દરવાજા, પટેલવાડી, વેડરોડ પંડોળ ઈન્ડ.,ગણેશપુરા વિગેરમાંથી વેરા પેટે રૂા.૧૮,૦૮,૧૪૨/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૩,૧૯,૦૯૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૯,૯૫,૯૫૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા. ૧,૭૬,૮૭૫/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ

સૂર્ય મંડળમાં સૂર્યથી પાંચમાં સ્થાને આવેલ ગુરૂ ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં આવશે, જેથી સૂર્યાસ્ત થતાની સાથેજ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાશે. વળી આ સમય દરમ્યાન તે પૃથ્વીથી સરેરાશ અંતર કરતાં સૌથી વધુ નજીક હોવાથી વધુ તેજસ્વી જોઈ શકાશે. ફેબ્રુઆરી માસ દરમ્યાન ગુરૂ ગ્રહને સરસ રીતે નિહાળી શકાતો હોવાથી તા.૦૭ અને ૦૮/૦૨/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને સાંજે ૭:૦૦ થી રાત્રે ૯:૦૦ કલાક સુધી બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

# પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૦૬.૦૨.૨૦૧૫ નાં રોજ  સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૭૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૧૧૮ ફાઈલના રૂા.૧૭.૪૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૧ લોકેશન(ખાડા)૪૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૨.૦૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૭ લોકેશન (ખાડા)  ૩૧૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૧ લોકેશન ૧૮૭૫.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે,તેમજ આઈ.સી.ના નાંણા પેટે રૂા.૨૪૪/– વસુલ લેવા આવેલ તથા ટી.પી.૧(ઉધના–મજુરા) ફા. પ્લોટ નં.૨૭,૨૭ માં આવેલ ભગવતીનગરમાં ૧૦૮ ચો.ફુટ માપ વિસ્તારમાં  ગે.કા. બાંધકામ દૂર કરવામાં આવેલ છે.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૮ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૦૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૧૬.૨૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૪.૩૪ લાખ થયેલ છે.,૦૩  ભહ તથા ૦૪  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૪૫૯/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૫૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૫ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૨ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૪૯.૭૬ મે.ટન  છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૦ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૪૧૫૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૯૯૭  ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૪૧૪૩ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૩૪ કરવામાં આવેલ છે. જયારે ૨૭ નોટીસ આપવામાં આવેલ  છે.તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૧૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૭/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૬/૦૨/૨૦૧૫ નાં રોજ તમામ ઓવારા અને નદી–તળાવ–નહેર–ખાડી કિનારા વિસ્તારોમાં સાફ–સફાઈ તથા જમા થયેલ કચરાના નિકાલની કામગીરી કરાવવામાં આવેલ છે.

જે અંતગર્ત ૨૯ – ઓવારા ઉપરાંત નદી / તળાવ / ખાડી/ નહેર કિનારા વિસ્તારના કુલ ૭૧ સ્થળોએ ઘનિષ્ઠ સાફ–સફાઈ કામગીરી કરાવ્યા બાદ એકત્રિત થયેલ મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે.





સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગોપીતળાવ રીડેવલોપમેન્ટ ના ભાગરૂપે રૂા. ૪.૪૧ કરોડ ખર્ચે મલ્ટીલેવલ પાર્કિંગનું ખાતમુહૂર્ત,મસ્કતિ હોસ્પીટલ પાસે રૂા.૩.૦૫ કરોડના ખર્ચે મલ્ટીલેવલપાર્કિંગનું ઉદ્‌ઘાટન,અસારાવાલા હોસ્પીટલ પાસે રૂા.૧૫ લાખના ખર્ચે આંગણવાડીનું ઉદ્‌ઘાટન,હોડીબંગલા પાસે રૂા.૧૫.૮૨ લાખ ના ખર્ચે આંગણવાડી નુ ઉદ્‌ઘાટન તથા ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લો અને તેને સલગ્ન મિલ્કતોને 'હેરીટેજ સ્કેવર' તરીકે વિકસાવવા ના ભાગરૂપે રૂા.૧૮.૭૫ કરોડના ખર્ચે ઐતિહાસિક કિલ્લાનું સાયન્ટીફીક કલીનીંગ,રીસ્ટોરેશન તથા ડેવલોપમેન્ટ (ભાગ–એ) ની ખાતમુહૂર્તવિધિ તા.૦૬/૦૨/૨૦૧૫ શુક્રવાર ના રોજ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ના પ્રમુખ સ્થાને શ્રી વિનોદભાઈ મોરડીયા માન.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામસમિતિ તથા શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા માન.અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું





સેન્ટ્રલઝોનમાં ગોપીતળાવ રીડેવલોપમેન્ટના ભાગરૂપે મલ્ટીલેવલપાર્કિંગ માં બેઝમેન્ટ થી ટેરેસ સુધી ના ફલોર ઉપર કુલ ૮૨ કાર પાર્કિંગ તથા ૨૪૩ ટુ વ્હીલર માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. સેન્ટ્રલ ઝોન મસ્કતિ હોસ્પીટલ સામે મલ્ટીલેવલ પાર્કિંગ નું ઉદ્‌ઘાટન થવાથી મલ્ટીલેવલ પાર્કિંગમાં ૧૦૦ કાર પાર્કિંગ તથા ૨૧૬ ટુ વ્હીલર પાર્કિંગ કરી શકાશે જેનાથી ટ્રાફિક સમસ્યાનો અંત આવશે અને શહેરના લોકોને પાર્કિંગની સુવિધા મળી રહેશે. અસારાવાલા હેલ્થ સેન્ટરપાસે તથા હોડીબંગલા પાસે આંગણવાડીનું લોકાપર્ણ થવાથી આજુબાજુના વિસ્તારોના બાળકોને શિક્ષણ તથા વધુ પોષણ મળી રહેશે.



ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ધ્વારા સુરત મહાનગરપાલિકા ને સુરત શહેરના ઐતિહાસિક કિલ્લા ના કન્ઝવેશન/સંચાલન કરવા આપેલ મંજુરીના અનુસંધાને આજરોજ ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લો અને તેને સંલગ્ન મિલ્કતોને 'હેરીટેજ સ્કવેર ' તરીકે વિકસાવવાના (ભાગ–એ) નું ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.તેનાથી સુરત શહેરનો હેરીટેજ મિલ્કતનો વારસો જળવાશે.



આ પ્રસંગે સમારંભ ના પ્રમુખ અને માન.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા , માન. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ ,માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,માન.ધારાસભ્યશ્રી અજયભાઈ ચોકસી,માન.ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા,સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવભાઈ શાહ, માન.મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ,ઉદ્દઘાટક અને જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોરડીયા અને આરોગ્ય સમિતિ ના અધ્યક્ષ શ્રીઅનિલભાઈ બિસ્કીટવાલા,સુરત મહાનગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ , મીડીયા, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા બહુ મોટી સંખ્યામાં જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા.મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના ઈ.ડબલ્યુ.એસ. અને એલ.આઈ.જી. સ્કીમ અંતર્ગત જેઓની અરજી વેલીડ છે. પરંતુ ડ્રોમાં આવાસ ફળવાયેલ નથી, તેવા લાભાર્થીઓ કે જે આવાસ મેળવવા માટેના આગામી ડ્રોમાં જવા માંગતા હતા, તેવા ભધક સ્કીમના ૧૫૭ લાભાર્થીઓ પૈકી કુલ–૬૮ વિદ્યાર્થીઓ અને ીયન સક્રીમના ૭૮૨ લાભાથીઓ પૈકી કુલ–૩૫૧ લાભાર્થીઓ તા. ૦૬/૦૨/૨૦૧૫ ના રોજ પોતાની અસલ પહોંચ સાથે રૂબરૂ હાજર રહી નિયત નમુનાના ફોર્મમાં આગામી ડ્રોમાં જવા અંગે પોતાની સંમતી આપેલ છે. આ યોજના હેઠળ આવા લાભાર્થીઓને જયાં જયાં આવાસ ખાલી હશે ત્યાં ડ્રો ધ્વારા અવાસ ફાળવવામાં આવશે. હજુ પણ કોઈ લાભાર્થી આગામી ડ્રોમાં જવા માંગતા હોય, તો તેવા લાભાર્થીઓને તા. ૦૭/૦૨૦૨૦૧૫ ના રોજ પોતાની અસલ પહોંચ સાથે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના રૂમ નં. ૪૪ ખાતે રૂબરૂ હાજર રહી પોતાની સંમંતિ આપી જવાની રહેશે. આ મુદ્દત વીત્યેથી કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. ત્યારબાદ બાકી રહેતા લાભાર્થીઓ કે જેઓની અરજી વેલીડ છે પરંતુ આગામી ડ્રોમાં જવા માંગતા નથી કે અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી, તેવા લાભાર્થીઓને અરજી સાથે ભરેલ ડીપોઝીટની રકમ રીફંડ કરવામાં આવશે.